RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 6 * Issue No. 259* Date: 16.07.2020 * Thursday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

### રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝની ૪૩મી એન્યુઅલ મિટિંગમાં મુકેશ અંબાણીની મોટી જાહેરાત

# જિયો આવતા વર્ષે લોન્ચ કરશે મેડ ઈન ઈન્ડિયા 5-G સર્વિસ

### ગુગલ જિયો પ્લેટફોર્મમાં ૩૩૭૩૭ કરોડનું રોકાણ કરશે, ૭.૭ ટકા હિસ્સેદારી ખરીદશે, કંપની દેવામુકત બની હોવાની જાહેરાત

*મુંબઈ,તા.૧૫*

માર્કેટ કેપના આધારે દેશની સૌથી મોટી કંપની રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝની ૪૩મી એન્યુઅલ મીટિંગ(AGM) યોજાઈ હતી. આ મીટિંગને સંબોધિત કરતા રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ચેરમેન મુકેશ અંબાણીએ મોટી જાહેરાત કરી. તેમણે કહ્યું કે ગૂગલ કંપનીમાં ૩૩ હજાર ૭૩૭ કરોડ રૂપિયાનું રોકાણ કરશે.

આ સિવાય તેમણે કહ્યું કે અમે ઘરેલું સ્તરે વિકસિત 5જી સોલ્યુશન ટ્રાયલ માટે તૈયાર છીએ. આ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના આત્મનિર્ભર ભારતના અભિયાનને સમર્પિત હશે. રિલાયન્સની આજની એજીએમમાં નવા ઈનોવેશન જિયો ગ્લાસનું લોન્ચિંગ કરવામાં આવ્યું. આને ફોન સાથે કનેકટક કરી ઈન્ટરનેટથી જોડી શકાય છે. આ એક ચશ્મા છે. રિલાયન્સના આ પ્રોડક્ટમાં ઓડિયો, ૨ડી અને ૩ડી વીડિયો ચેટિંગની સુવિધા મળશે. સાથે જ રિલાયન્સે એવો દાવો પણ કર્યો છે કે જિયો મીટ ભારતની સૌથી સુરક્ષિત વર્ચુઅલ મીટિંગ એપ છે.

આ સિવાય મુકેશ અંબાણીએ કહ્યું કે આપણે ભારતના સૌથી મોટા નિકાસકાર અને ખાનગી ક્ષેત્રના સૌથી મોટા ટેક્સપેયર્સ છીએ. જીએસટી અને વેટ અને ખાનગી ક્ષેત્રોમાં ઈનકમ ટેક્સના પણ આપણે સૌથી મોટા યોગદાન કરનારા છીએ. મુકેશ અંબાણીએ કહ્યું કે આપણે આ વખતે વીડિયો કોન્ફ્રેન્સિંગ અને




અન્ય ઓડિયો-વિઝ્યુલના માધ્યમથી આ એજીએમ કરી રહ્યા છીએ. જે કોર્પોરેટ મામલાના મંત્રાલયના સર્કુલરના મુજબ છે.

એજીએમ દરમિયાન બુધવારે કારોબાર દરમિયાન રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના શેરમાં લગભગ ૩ ટકાની તેજી જોવા મળી અને શેર ભાવ ૧૯૭૫ રૂપિયાના સર્વોચ્ચ સ્તરે પહોંચી ગયો. આ પહેલા મંગળવારે રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝનો શેર દબાણમાં હતો. માર્કેટ કેપની વાત કરીએ તો ૧૨ લાખ ૪૫ હજાર કરોડ રૂપિયાના સ્તરે છે. આ પહેલી ભારતીય કંપની છે જે આ સ્તરે પહોંચી છે.

કોરોના કાળમાં પણ રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝને એક પછી એક મોટી સફળતાઓ મળી. રિલાયન્સ જિયો પ્લેટફોર્મને વૈશ્વિક સ્તરે ૧ લાખ કરોડથી વધુ રોકાણ મળી ચૂક્યું છે. આ રોકાણકારોમાં ફેસબુક જેવી કંપનીએ પણ શામેલ છે. આ રોકાણના કારણે રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ હવે દેવા મુક્ત બની ગઈ છે. આપને જણાવી દઈએ કે આ પહેલા રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝે દેવા મુક્ત થવા માટે માર્ચ ૨૦૨૧ સુધીની ડેડલાઈન નક્કિ કરી હતી. પરંતુ આ પહેલા જ કંપની દેવા મુક્ત બની ગઈ છે.

મીડિયા રિપોર્ટ મુજબ રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના તાજેતરમાં બંધ થયેલ રાઈટ્સ ઈશ્યૂમાં મુકેશ અંબાણીને કુલ ૫.૫૨ લાખ શેર્સ મળ્યા છે. આ સાથે મુકેશ અંબાણી પાસે હવે રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ૮૦.૫૨ લાખ શેર થઈ ગયા છે. રાઈટ્સ ઈશ્યૂ પહેલા તેમની પાસે ૭૫ લાખ શેર્સ હતા. આપને જણાવી દઈએ કે રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝે પોતાના રોકાણકારો માટે ૫૩,૧૨૪ કરોડ રૂપિયાના રાઈટ્સ ઈશ્યૂનું લોન્ચિંગ કર્યું હતું.

### સ્કિલ ઈન્ડિયા મિશનના પાંચ વર્ષ પૂર્ણ થવાના અવસરે પીએમનું વર્ચ્યુઅલ સંબોધન

# કૌશલ્યને નીખારતા રહેવું જ વર્તમાન સમયમાં પ્રસ્તુત રહેવાનો મંત્રઃ મોદી

### નાની-મોટી દરેક સ્કિલ આત્મનિર્ભર ભારતની તાકાત બનશે, આજનો યુગ સ્કિલ, રી-સ્કિલ અને અપસ્કિલનો છે, સમય અનુસાર સ્કિલમાં બદલાવ કરવો જરૂરી

ન્યુ દિલ્હી,તા.૧૫

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વર્લ્ડ યૂથ સ્કિલ્સ ડેના પ્રસંગે બુધવારે ડિજિટલ કોક્લેવમાં સંબોધન કર્યું હતું. તેમણે કહ્યું કે દેશના યુવાનોને વિશ્વની જરૂરિયાતો વિશે ચોક્કસ માહિતી આપવાની કોશિશ કરી રહ્યાં છીએ. નાની-મોટી દરેક સ્કિલ આત્મનિર્ભર ભારતની મોટી તાકાત બનશે. સફળ વ્યક્તિની એ નિશાની હોય છે કે તે દરેક સ્કીલ વધારવા માટે નવીનવી તકો શોધે છે. કઈક શીખવાની ઈચ્છા ન થવાથી જીવન થંભી જાય છે.

સ્કિલ માણસને ક્યાંથી ક્યાં પહોંચાડી શકે છે. સફળ વ્યક્તિની એ નિશાની હોય છે કે તે સ્કીલ વધારવા માટેની કોઈ તકને જવા દેતો નથી પરંતુ નવી-નવી તકો શોધતો રહે છે. કઈ શીખવાની ઉત્સુકતા ન હોય તો જીવન અટકી જાય છે. સ્કિલ પ્રત્યે આકર્ષણ જીવવાની તાકાત આપે છે.

હું યુવા અવસ્થામાં ટ્રાઈબલ બેલ્ટમાં વોલેન્ટિયર તરીકે કામ કરતો હતો. એક વખત એક સંસ્થા સાથે કામમાં જવાનું હતું પરંતુ ગાડી ચાલી શકી નહિ. મિકેનિકને બોલાવ્યો તો તેણે ૨ મિનિટમાં ગાડી રિપેર કરી દીધી. તેણે ૨૦ રૂપિયા માંગ્યા. એક સાથીએ કહ્યું ૨ મિનિટના કામના ૨૦ રૂપિયા લઈ રહ્યાં છો. મિકેનિકે કહ્યું- ૨ મિનિટના ૨૦ રૂપિયા નથી પરંતુ ૨૦ વર્ષથી કામ દ્વારા જે સ્કિલ પ્રાપ્ત કરી છે, તેની કિંમત લઈ રહ્યો છું. આ સ્કીલની તાકાત છે.


તમે બુક્સમાં વાંચી શકો છો, યુ-ટયુબ પર જોઈ શકો છો કે સાયકલ કઈ રીતે ચાલે છે. આ બધુ નોલેજ છે. જોકે તમને નોલેજ હોય તો તમે સાયકલ ચલાવી શકશો તે જરૂરી નથી. જોકે સ્કિલ છે તો તમે સાઈકલ ચલાવી શકો છે. આજે દેશમાં નોલેજ અને સ્કિલમાં જે અંતર છે, તેને જોતા જ કામ થઈ રહ્યું છે. આજથી ૫ વર્ષ પહેલા આજના દિવસે સ્કિલ ઈન્ડિયા મિશન આ બાબતને ધ્યાનમાં રાખીને જ શરૂ કરવામં આવ્યું હતું.

હાલ એવી કોશિશ કરવામાં આવી રહી છે કે દેશના યુવાનોને અન્ય દેશોની જરૂરિયાત વિશે સાચી અને ચોક્કસ માહિતી મળી શકે. ક્યાં દેશમાં હેલ્થ સર્વિસમાં કઈ તકો ઉપલબ્ધ છે. ક્યાં સેકટરમાં કઈ તકો છે. તેની માહિતી યુવાઓને ઝડપથી મળી શકે. મર્ચન્ટ નેવીનું ઉદાહરણ લેવામાં આવે તો સેલરની સૌથી વધુ જરૂર છે. આપણે વિશ્વને લાખો સેલર આપી શકીએ છીએ અને આપણી કોસ્ટલ ઈકોનોમિને મજબૂત કરી શકીએ છીએ.

શ્રમિકોની સ્કિલના મેપિંગ માટે પોર્ટલ લોન્ચ કરવામાં આવ્યું છે. આ પોર્ટલ સ્કિલ્ડ લોકોને, સ્કિલ્ડ શ્રમિકોનું મેપિંગ કરવામાં મહત્વની ભૂમિકા ભજવશે. તેનાથી એમ્પલોયર એક ક્લિકમાં જ સ્કિલ્ડ મેપવાળા વર્કર્સ સુધી પહોંચી શકશે. નાની-મોટી દરેક સ્કિલ આત્મનિર્ભર ભારતની બહુ મોટી શક્તિ બનશે.વૈશ્વિક મહામારીમાં આપણે વારંવાર એ વાતનું પુનરાવર્તન કરી રહ્યાં છીએ કે આપણે સ્વસ્થ રહીએ, બે ગજ અંતરનું પાલન કરતા રહીએ, માસ્ક પહેરવાનું ન ભૂલીએ, થૂંકવાની આંદત બધાને છોડવા માટે સમજાવતા રહીએ. જે કામ માટે આજે એકત્રિત થયા છો, તેના મંત્રને હમેશા યાદ રાખો કે કેટલા પણ ભણેલા-ગણેલા કેમ ન હોવ, નવી-નવી સ્કિલ વધારતા રહો. તેનાથી જિંદગી જીવવાની મજા આવશે.

### ભાજપની સાથે લિંક કરીને મારી છબિ ખરાબ કરવાના પ્રયાસ કરવામાં આવી રહ્યા છે

# હું ૧૦૦ વાર કહું છે કે ભાજપમાં નથી જોડાવાનોઃ પાયલટની સ્પષ્ટ વાત



જયપુર,તા.૧૫

રાજસ્થાન કૉંગ્રેસ અધ્યક્ષ અને ઉપ-મુખ્યમંત્રી પદથી હટાવવા આવ્યા બાદ સચિન પાયલટે પોતાનું મૌન તોડ્યું છે. એક વાતચીતમાં સચિન પાયલટે કહ્યું કે, હું સો વાર કહી ચુક્યો છું કે ભારતીય જનતા પાર્ટીમાં સામેલ નથી થઈ રહ્યો. છેલ્લા ૫ વર્ષ દરમિયાન મે બીજેપીની વિરુદ્ધ લાંબી લડાઈ લડી છે. સચિન પાયલટે કહ્યું કે, "મે રાજસ્થાન કૉંગ્રેસનો ભાગ રહેતા બીજેપીની વિરુદ્ધ લડાઈ લડી છે અને રાજસ્થાનમાં કૉંગ્રેસ બનાવરાવી છે. જો કોઈ વ્યક્તિ અથવા પાર્ટી રાજદ્વારી ફાયદો ઉઠાવવાનો પ્રયત્ન કરી રહી છે તો એ ના માની શકાય કે હું તેમની સાથે જોડાઈ શકીશ."

સચિન પાયલટે કહ્યું કે, "જે લોકો કહી રહ્યા છે કે હું બીજેપીમાં સામેલ થવાનો છું, તે મારી છબિને ઝાંખી કરવાનો પ્રયત્ન કરી રહ્યા છે. મે ઉશ્કેરણી અને પદ છીનવ્યા બાદ પાર્ટીની વિરુદ્ધ એક પણ શબ્દ નથી કહ્યો. અમે ભવિષ્ય માટે અમારી રણનીતિ બનાવવા માટે જઈ રહ્યા છીએ." પાયલટે કહ્યું કે, "મે ૧૦૦ વાર કહ્યું છે કે હું બીજેપીમાં સામેલ નથી થઈ રહ્યો. દિલ્હીમાં બેઠેલા લોકોમાં મગજમાં નાંખવા માટે વિરોધ કેમ્પનાં લોકો દ્વારા અફવા ફેલાવામાં આવી રહી છે. હું ઉતાવળ અને ચાલાકી નથી કરવા ઈચ્છતો."ભવિષ્યને લઈને પ્રશ્ન પુછવા પર સચિન પાયલટે કહ્યું કે, "થોડોક માહોલ શાંત થવા દો. અત્યારે ૨૪ કલાક પણ નથી થયા. હું હજુ પણ કૉંગ્રેસ કાર્યકર્તા છું. મારે મારા સમર્થકો સાથે મારા પગલા પર ચર્ચા કરવી છે. હું પહેલા જ સ્પષ્ટ કરી દેવા ઈચ્છુ છું કે ભાજપા જોઈન નથી કરી રહ્યો." કૉંગ્રેસ હાઈકમાન્ડ અથવા રાહુલ ગાંધીથી વાતચીતનાં પ્રશ્ન પર સચિન પાયલટે કહ્યું કે, રાહુલ ગાંધી હવે કૉંગ્રેસ અધ્યક્ષ નથી.તેમણે કહ્યું કે, "રાહુલે જ્યારે રાજીનામું આપ્યું ત્યારે ગેહલોતજી અને તેમના ઑલ ઈન્ડિયા કૉંગ્રેસ કમિટીનાં દોસ્તોએ મારી વિરુદ્ધ મોરચો ખોલી દીધો. ત્યારથી મારા માટે આત્મસન્માન મુશ્કેલ થઈ ગયું."

### ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના નવા કેસની સંખ્યા : ૯૨૫**

**રાજ્યમાં કુલ કેસનો આંકડો પહોંચ્યો : ૪૪૬૪૮**

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં લોકોનાં મૃત્યુઃ ૧૦**

**રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા દર્દીઓની સંખ્યા : ૭૯૧**

**ગુજરાતમાં સાજા થયેલા કુલ દર્દીઓની સંખ્યા : ૩૧૩૪૬**

### દેશમાં કોરોનાનો કુલ આંક ૯.૩૭ લાખને પાર, ૨૪થી વધુના મોત

# કોરોના અનસ્ટોપેબલઃ ૨૪ કલાકમાં ૩૦ હજારથી વધુ કેસ, ૫૮૨ના મોત

ન્યુ દિલ્હી,તા.૧૫

અનલોક-૨માં અપાયેલી છૂટછાટો ભારે પડી રહી હોય તેમ મંગળવારે અત્યાસુધીમાં સૌથી વધુ ૩૦ હજાર જેટલા કેસો એક જ દિવસમાં સામે આવતાં એક નવો રેકોર્ડ નોંધાયો હતો. આ સમયગાળામાં વધુ ૫૮૭ના મોત થયા હતા. કેસો વધતાં કેટલાક શહેરો અને બિહારમાં ફરીથી લોકડાઉનની સ્થિતિનું નિર્માણ થઈ રહ્યું છે. આજે બુધવારે સવારે છેલ્લાં ૨૪ કલાકના કેસોની આંકડાકિય માહિતી જાહેર થતાં ૨૯,૯૧૭ જેટલા કેસો સામે આવ્યાં હતા. આ સાથે જ કુલ કેસોની સંખ્યા વધીને ૯,૩૭,૫૬૨ પર પહોંચી હતી. આ સમયગાળામાં વધુ ૨૦,૯૭૬ દર્દીઓ સાજા થયા હતા. અને સારવાર હેઠળ હોય તેવા સક્રિય કેસોની સંખ્યા ૩,૧૯,૭૭૦ થઈ હતી. કુલ મૃત્યુઆંક વધીને ૨૪,૩૧૫ થયો હતો. દરમ્યાનમાં, કેસો વધતાં આસામ, અરુણાચલ પ્રદેશ, મેઘાલય અને બિહાર જેવા રાજ્યોએ લોકાડઉનની જાહેરાત કરી છે. જ્યારે, રિકવરી રેટ સુધરીને ૬૩%એ પહોંચ્યોઃ હોવાનો દાવો આરોગ્ય મંત્રાલય દ્વારા કરવામાં આવ્યો હતો.

સૂત્રોના જણાવ્યાં પ્રમાણે, ગઈકાલે મંગળવારે દેશમાં સૌથી વધુ ૨૯ હજાર ૯૧૭ દર્દી વધ્યા હતા. જે ૩૦ હજારની નજીક છે અને એક દિવસનો સૌથી મોટો આંકડો છે. આ પહેલા ૧૩ જુલાઈએ સૌથી વધુ ૨૮ હજાર ૧૭૮ કેસ સામે આવ્યા હતા. તો આ તરફ દિલ્હીમાં સ્થિતિ સારી થઈ રહી છે. એક મહિનામાં દિલ્હીમાં સાજા થતા દર્દીઓ ૪૪% વધી ગયા છે.

દેશમાં ૨૪ કલાકમાં કોરોનાને કારણે ૫૮૭ લોકોએ પોતાના જીવ ગુમાવ્યા છે આ સાથે જ મૃત્યુઆંક વધીને ૨૪,૩૧૫ પર પહોંચી ગયો છે. દેશમાં અત્યાર સુધી ૫,૯૨,૦૩૨ દર્દીઓએ કોરોનાને માત આપી દીધી છે. મંગળવારે મહારાષ્ટ્રમાં ૬૭૪૧, તામિલનાડુમાં ૪૫૨૬, દિલ્હીમાં ૧૬૦૬, કર્ણાટકમાં ૨૪૯૬,,યુપીમાં ૧૫૯૪ અને તેલંગાણામાં ૧૫૨૪ કેસો નોંધાયા હતા.

આગામી દિવસોમાં કર્ણાટકમાં આઈટી હબ બેંગલુરુ અને પૂણે સહિત અનેક શહેરો ફરીથી લોકડાઉનની તૈયારીઓ ચાલી રહી છે. આસામ, અરુણાચલ પ્રદેશ, મેઘાલય અને બિહાર જેવા રાજ્યોએ લોકડાઉનની જાહેરાત કરી છે.આ તરફ મહારાષ્ટ્રમાં લોકડાઉનનો બીજો તબક્કો ૧૮ જુલાઈથી ૨૩ જુલાઈ સુધી રહેશે. આ દરમિયાન મેડિકલ સ્ટોર, હોસ્પિટલ અને ડેરી જેવી જરૂરી સેવા ચાલુ રહેશે.

દરમ્યાનમાં, કેન્દ્રના આરોગ્ય મંત્રાલયના જણાવ્યાં મુજબ, દેશના કુલ કેસો પૈકી ૮૬% કેસ ધરાવતા રાજ્યોમાં મહારાષ્ટ્ર અને તમિલનાડૂ સૌથી પ્રભાવિત રાજ્યો છે. આ બંને રાજ્યોમાં જ દેશના ૫૦ ટકા કેસ સામે આવ્યા છે. જ્યારે બાકીના ૩૬ ટકા કેસ કર્ણાટક, દિલ્હી, આંધ્ર પ્રદેશ, ઉત્તર પ્રદેશ, પશ્ચિમ બંગાળ અને ગુજરાતમાં છે. અન્ય રાજ્યોમાં આ ૧૦ રાજ્યોની સરખામણીએ કેસો અંકુશમાં છે. મંત્રાલયે વધતા કેસો પર સ્પષ્ટતા કરી હતી કે, માત્ર વધતા કેસોના આંકડા પર ધ્યાન ન આપવુ જોઈએ, માર્ચમાં ડેલી ગ્રોથ રેટ ૩૧ ટકા હતો જે મે મહિનામાં ૯ ટકા રહ્યો અને મેમાં માત્ર ૪.૮૨ ટકા હતો.

### સુરક્ષા પરિષદમાં ભારતની જીત બાદ આ તેમનું પહેલુ ભાષણ હશે

# ૧૭ જુલાઈએ યુએનની ૭૫મી વર્ષગાંઠ પર મોદીનુ સંયુક્ત રાષ્ટ્રમાં સંબોધન

ન્યુ દિલ્હી,તા.૧૫

૧૭ જુલાઈએ સંયુક્ત રાષ્ટ્રમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સંબોધન કરશે. પીએમ મોદી સંયુક્ત રાષ્ટ્રની ૭૫મી વર્ષગાંઠ પર આ સંબોધન કરવા જઈ રહ્યા છે. મોદી વીડિયો કોન્ફરન્સના માધ્યમથી સંબોધન કરશે. સંયુક્ત રાષ્ટ્રમાં ભારતના સ્થાયી પ્રતિનિધી ટી એસ તિરુમુર્તિએ જાણકારી આપી હતી.

સુરક્ષા પરિષદમાં જીત મેળવ્યા બાદ વડાપ્રધાન મોદીનું આ પહેલીવારનું સંબોધન છે. સંયુક્ત રાષ્ટ્રમાં ભારતના સ્થાયી પ્રતિનિધી ટી એસ તિરુમુર્તિએ આ જાણકારી આપી હતી. સંયુક્ત રાષ્ટ્ર મહાસભામાં ગત ૭ સપ્ટમ્બરે તેમણે સંબોધન કર્યુ હતું. જેમાં તેમણે વિશ્વને આતંકવાદની વિરુદ્ધ એક થવા માટે કહ્યુ હતુ.પીએમ મોદીએ છેલ્લે જયારે યુએનને સંબોધિત કર્યુ તો તેમણે તેના વિસ્તારની વાત કરી હતી.

પીએમએ કહ્યું હતું કે, યુએન જેવા સંગઠન હોવા છતાં કેટલાય જી સમૂહ બનાવવામાં આવ્યા છે. ભારત પણ આવા સમૂહનો ભાગ છે. પણ સારુ રહેશે કે અલગ અલગ સમૂહોની જગ્યાએ જી ઓલ થઈ જાય. ભારત સંસ્કૃતિના વખાણ કરતા પીએમએ યોગ અને લોકતંત્રના મહત્વને સમજાવ્યું હતુ. ગરીબી અને આતંકવાદ પર બોલતા પીએમએ પાકિસ્તાનને ઘણુ સંભળાવ્યું હતું.

## તંત્રી સ્થાનેથી...

### ચીનનું ઊંબાડિયુંઃ લેને ગઈ પૂત અને ખો આઈ ખસમ...જેવી હાલત થઈ કે શું....?

*વિશ્વના દેશોને કોરોના વાયરસની ભેટ આપનાર ચીનને વિશ્વની પ્રથમ મહાસત્તા બનાવવાનું જે સ્વપ્ન હતું તે સ્વપ્ન હવે રોળાઈ ગયું છે.....! તેની હાલત ×લેને ગઈ પૂત ઔર ખો આઈ ખસમ× જેવી થઈ ગઈ છે વિશ્વમાં ડોલરનું મહત્વ છે અને તે સ્થાન ચીનને મેળવવુ હતું..... પરંતુ શી જિન પિંગને ×હાથના કર્યા હૈયે વાગ્યા×ની સ્થિતી બની ગઈ છે. દગાખોર ચીન વિસ્તારવાદ કરવા તરફ વધુ ધ્યાન આપે છે. તેની નજર ભારત પર સવિશેષ ઠરી હતી કારણ કે ચીનના ઉત્પાદનોની માંગ ભારતમાં સૌથી વધુ રહી છે.... તો સામે ભારતના ઉત્પાદનોની માગ ચીનમાં નહિવત્ રહી છે. કેટલાક દેશોમાં ચીને પગ પેસારો કરવા સાથે ભારતના પ્રદેશો પચાવવાની ચાલ વ્યવસ્થિતપણે બેલ્ટ એન્ડ રોડ ઈનિસિએટીવ થકી ગોઠવી હતી. તો ભારતના પડોશી દેશોમાં પગપેસારો કરવા માટે જે તે દેશની જરૂરતો સમજીને તેને સહાય આપવાનું શરૂ કરી દીધું હતું તેમજ ત્યાંના વિકાસના કામો પણ શરૂ કરાવવા સાથે ધીમી ગતિએ ચીનની ઘૂસણખોરી શરૂ કરી દીધી હતી. જેમાં સૌપ્રથમ તેને પાકિસ્તાનને પોતાનું કહ્યાગરુ બનાવવા ભારેમાં ભારે કર્જ આપીને પાકિસ્તાનને પોતાના પડખામાં ખેંચી લીધું અને ગુલામ જેવું બનાવી દીધું છે. ત્યાર પછી હાથ નાખ્યો લક્ષદ્વિપ પર જ્યાં ચીને એરપોર્ટ બનાવવા સાથે પગપેસારો કરી લક્ષદ્વિપના અન્ય છ જેટલા ટાપુ પર કબજો જમાવી દીધો. બાંગ્લાદેશમાં પગ પેસારો કર્યો પરંતુ ત્યાં તેને ધાર્યો પગપેસારો નથી થઈ શક્યો. પરંતુ નેપાળમાં રાજકિય કાવા દાવા કરી પોતાના કહ્યાગરા પીએમ ઓલીને ચીનની પડખે બેસાડી દીધા. અને ઓલીએ ભારત સામે શિંગડા ભરાવવાનુ શરૂ કરી દીધું. ઓલીને આ નિર્ણયો મોંઘો પડી રહ્યો છે. નેપાળની પ્રજાએ ભારે વિરોધ કર્યો છે તો ઓલી જે પક્ષના છે તે સામ્યવાદી પક્ષમાં પણ ઓલીનો ભારે વિરોધ થયો છે. પરિણામે ઓલીને પીએમ પદ ગુમાવવું પડે તેવી સ્થિતિ ઉદભવવા પામી છે......!! ચીનનો વિશ્વની મહાસત્તા બનવા નો ×બેલ્ટ એન્ડ રોડ ઈનેસિએટીવ થકી જે પ્લાન હતો તે ચોપટ થવા પર છે....! કારણકે મલેશિયા, બાંગ્લાદેશ, ઈન્ડોનેશિયા, શ્રીલંકા,કંમ્બોડિયા વગેરે દેશોએ ચેન સાથેનો આ પ્રોજેક્ટ સ્થગિત કરી દીધા છે. જેના કારણે શી જીન પીગનું સ્વપ્ન ચીનને મહાસત્તા બનાવવાનું હાલના તબક્કે રોળાઈ ગયું છે.....! તો કોરોના વાયરસ ને કારણે વિશ્વના મોટાભાગના દેશો ચીન સાથે બેસવા તૈયાર નથી કે તેની સામે પડી ગયા છે. ચીનના ઉત્પાદનો મંગાવવાના બંધ કરી દીધા છે અને આપેલ ઓર્ડરો પણ સ્થગિત કરી દીધા છે.....! પરંતુ પાકિસ્તાન દ્વારા ભારતની માલિકીના પાકિસ્તાનના કબજા હેઠળના પાચ દેશોને સાંકળતા કામધેનુ સમાન પોક વિસ્તારમાં ડેમ બાંધવા તરફ આગળ વધતાં સમગ્ર પોક વિસ્તારની પ્રજા ઈમરાન ખાનની સરકાર અને ચીન સામે વિરોધમાં રોડ- રસ્તા ઉપર ઉતરી આવી છે...પોક વિસ્તારના લોકો ભારત સાથે આવવા માંગે છે. ત્યારે ભારતે હવે આકરા પાણીએ કુટનીતિ અખત્યાર કરવા સાથે જરૂર પડે વિશ્વસ્તરે સિંહ ગર્જના કરીને આ બાબત લઈ જવાની તૈયારી કરવી પડશે. નહીં તો....તિબેટની જેમ ભારતનો પોક વિસ્તાર અને નેપાળ બંને ગુમાવવાનો વારો આવી શકે છે.....!! ચીનની નજર પોક વિસ્તારમાં આવેલી યુરેનિયમની ખાણો ઉપર પણ છે. ચીનમા શી જીન પીગની ટીકા કરનારાઓનો સફાયો કરી નાખવાનો અમલ શરૂ કરી દીધો છે. જેમાં રોગચાળાને કારણે ચીનમા આર્થિક મંદી ફરી વળી છે તેવો આક્ષેપ જીન શીંગ પર ત્યાંના એક પ્રોફેસરે કરતા તેમની ધરપકડ કરી લેવામાં આવી છે. આ બાબતે સમગ્ર ચીની પ્રજાજનોમા ઘેરા પ્રત્યાઘાત પડ્યા છે. શી જીન શીંગ સામે ગ્રામ્ય સ્તરેથી લઈને સમગ્ર ચીનમાં વિરોધ ફરી વળ્યો છે.... આ લોક વિરોધ કદાચ ચીનના ભાગલા પણ કરાવી શકે તે સ્થિતિ પ્રવર્તમાન છે....! વંદે માતરમ*

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૬, શાલિવાહન શક-૧૯૪૧,વીર સંવત-૨૫૪૬, ઈસ્લામીક સંવત-૨૫૪૫, તા. ૧૬/૦૭/૨૦૨૦, ગુરૂવાર, અષાઢ વદ-૧૧
સૂર્યોદય-૬-૧૩, સૂર્યાસ્ત-૭-૩૩, જૈન નવકારશી-૭-૦૧,
આજની રાશિ : વૃષભ (બ.વ.ઉ.), નક્ષત્રઃ અશ્વિની

સૂર્ય-કુંભ
ચંદ્ર-કર્ક
મંગળ-ધન
બુધ-કુંભ
ગુરૂ-ધન
શુક્ર-મેષ
શનિ-મકર
રાહુ-મિથુન
કેતુ-ધન
હર્ષલ-મેષ
નેપ્ચ્યુન-કુંભ
પ્લુટો-મકર

**- શુભ ચોઘડીયા -**
૨-૨૬ થી ૧૩-૨૦, ૬-૧૩ થી શુભ-૭-૫૩ સુધી,૧૧-૧૩ થી ચલ-લાભ-અમૃત-૧૬-૧૩ સુધી, ૧૭-૫૨ થી શુભ-અમૃત-ચલ-૨૨-૧૩ સુધી

**- શુભ હોરા-**
૬-૧૩ થી ૭-૨૦ સુધી,૯-૩૩ થી ૧૨-૫૩ સુધી,૧૩-૫૯થી ૧૫-૦૬ સુધી,૧૭-૧૯થી ૨૦-૨૬ સુધી

### બાંટવામાં સંત અમરમા ટીફીન સેવા દ્વારા વિનામૂલ્યે પાઠ્ય પુસ્તકોનું વિતરણ



બાંટવા માં સંત અમરમા ટીફીન સેવા દ્વારા વિનામૂલ્યે પાઠ્ય પુસ્તકો નું વિતરણ બાંટવા શહેરમાં કરવામાં આવ્યું હતુ જે ગરીબ વિદ્યાર્થીઓને પાઠયપુસ્તકો ની જરૂરિયાત છે એવા મધ્યમ વર્ગ અને અતિ ગરીબ પરિવાર ના બાળકો ને ઘરે ઘરે જઈને આવા બાળકો ને પાઠયપુસ્તકો , ચોપડા, બોલપેન , કંમ્પાસ બોક્સ આપીને સમાજને એક નવો રાહ ચિંધ્યો હતો કિરીટભાઈ બારોટે જણાવ્યું હતુ કે હું મારી ગરીબી ને કારણે નાનપણમાં ભણી નથી શક્યો એટલે આજે જે ભણવા માંગે છે તેવા બાળકો ને તેમની સંસ્થા દ્વારા જરૂરિયાત વાળા બાળકો ને શિક્ષણ ની કિટ આપેલ હતી કિરીટભાઈ બારોટે પોતે દુકાને દુકાને ફરી એક બે રૂપિયા ની ભીક્ષાવૃતિ કરી જે ફંડ થાય એમાંથી આવાં બાળકો ને ભણવાની કિટ બનાવીને આપે છે કિરીટભાઈ બારોટે ની આ સેવાને ખરેખર આપણે પણ સહયોગ દેવો જોયે આ સંસ્થા ને દાન આપવા માંગતા હોય તેમને તેમના મોબાઈલ નંબર ૭૮૭૪૫ ૨૫૨૬૫ ઉપર સંપર્ક કરવો

તસ્વીર - અહેવાલ ,જીજ્ઞેશ પટેલ માણાવદર

# સોના-ચાંદીના વાયદાના ભાવમાં સામસામા રાહઃ સોનું નરમ, ચાંદી તેજઃ ક્રૂડ તેલમાં ભાવઘટાડામાં રૂકાવટ

### કપાસ, એલચી, કોટન, સીપીઓના વાયદાના ભાવમાં સુધારાનો સંચારઃ મેન્થા તેલના ભાવમાં નરમાઈનો માહોલઃ પ્રથમ સત્રમાં રૂ.૧૨૬૯૪.૬૮ કરોડનું ટર્નઓવર

મુંબઈ

વિવિધ કોમોડિટી વાયદા અને ઓપ્શન્સમાં મળીને પ્રથમ સત્રમાં એમસીએક્સ પર ૧૯૦૮૯૭ સોદામાં રૂ. ૧૨૬૯૪.૬૮ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાના ભાવમાં સામસામા રાહ હતા. સોનાનો વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૨૫૪ ઘટ્યો હતો, જ્યારે ચાંદીનો વાયદો કિલોદીઠ રૂ.૨૬૧ વધ્યો હતો. બિનલોહ ધાતુઓમાં મિશ્ર વલણ વાયદાના ભાવમાં હતું. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલમાં ભાવઘટાડાનો દોર અટકી વાયદા વધી આવ્યા હતા, જ્યારે નેચરલ ગેસ ઢીલું હતું. કૃષિ કોમોડિટીઝમાં કપાસ, એલચી, કોટન અને સીપીઓના વાયદાના ભાવમાં સુધારાના સંચાર સામે મેન્થા તેલમાં નરમાઈનો માહોલ હતો.

કોમોડિટી વાયદાઓમાં કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં કુલ ૧૦૮૦૨૫ સોદાઓમાં રૂ. ૭૨૯૮.૭૧ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ઓગસ્ટ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ. ૪૯૨૨૮ ખૂલી, ઊપરમાં રૂ. ૪૯૨૭૦ અને નીચામાં રૂ. ૪૮૯૬૭ ના મથાળે અથડાઈ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૨૫૪ ઘટીને રૂ. ૪૯૦૦૫ બંધ રહ્યો હતો. ગોલ્ડ-ગિની જુલાઈ કોન્ટ્રેક્ટ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૮૩ ઘટીને ૮ ગ્રામદીઠ રૂ. ૩૯૫૭૦ અને ગોલ્ડ-પેટલ જુલાઈ કોન્ટ્રેક્ટ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૧૪ ઘટીને ૧ ગ્રામદીઠ રૂ. ૪૯૦૫ થયા હતા, જ્યારે સોનું-મિની ઓગસ્ટ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ. ૨૩૬ ઘટીને બંધમાં રૂ. ૪૯૦૪૧ ના ભાવ રહ્યા હતા.

ચાંદીના વાયદાઓમાં ચાંદી સપ્ટેમ્બર કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ. ૫૨૮૪૦ ખૂલી, ઊપરમાં રૂ. ૫૩૧૩૭ અને નીચામાં રૂ. ૫૨૮૧૯ ના સ્તરને સ્પર્શી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૨૬૧ વધીને રૂ. ૫૨૯૧૦ બંધ રહ્યો હતો. ચાંદી-મિની ઓગસ્ટ રૂ. ૨૦૭ વધીને રૂ. ૫૨૯૧૩ અને ચાંદી-માઈક્રો ઓગસ્ટ રૂ. ૨૨૩ વધીને રૂ. ૫૨૯૨૪ બંધ રહ્યા હતા.

એનર્જી સેગમેન્ટમાં કુલ ૫૬૭૬૧ સોદાઓમાં રૂ. ૨૦૨૪.૫૯ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ જુલાઈ કોન્ટ્રેક્ટ બેરલદીઠ રૂ. ૩૦૫૦ ખૂલી, ઊપરમાં રૂ. ૩૦૮૪ અને નીચામાં રૂ. ૩૦૪૦ બોલાઈ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૩૭ વધીને રૂ. ૩૦૭૨ બંધ રહ્યો હતો.

કૃષિ કોમોડિટીઝમાં ૨૪૧૭ સોદાઓમાં કુલ રૂ. ૨૨૭.૪૮ કરોડનાં કામકાજ થયાં હતાં. કોટન જુલાઈ વાયદો ગાંસડીદીઠ રૂ. ૧૬૦૩૦ ખૂલી, ઊપરમાં રૂ. ૧૬૧૨૦ અને નીચામાં રૂ. ૧૫૯૪૦ સુધી જઈ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૭૦ વધીને રૂ. ૧૬૧૦૦ ના સ્તરે બંધ રહ્યો હતો. સીપીઓ જુલાઈ કોન્ટ્રેક્ટ ૧૦ કિલોદીઠ રૂ. ૬૯૬ ખૂલી, પ્રથમ સત્રનાં અંતે રૂ. ૫.૭ વધીને બંધમાં રૂ. ૬૯૯.૯ ના ભાવ હતા, જ્યારે એલચી ઓગસ્ટ વાયદો કિલોદીઠ રૂ. ૧૩૮૯ ખૂલી, અંતે રૂ. ૨૮.૫ વધીને રૂ. ૧૩૮૯.૫ થયો હતો. મેન્થા તેલ જુલાઈ વાયદો કિલોદીઠ રૂ. ૯૮૩.૮ ખૂલી, ઊપરમાં રૂ. ૯૮૩.૮ અને નીચામાં રૂ. ૯૭૧.૧ રહી, અંતે રૂ. ૯૭૪.૬ બંધ રહ્યો હતો. કપાસ એપ્રિલ વાયદો ૨૦ કિલોદીઠ રૂ. ૯૭૧ ખૂલી, ઊપરમાં રૂ. ૯૭૨ અને નીચામાં રૂ. ૯૬૮ સુધી જઈ પ્રથમ સત્રનાં અંતે ૫૦ પૈસા વધીને રૂ. ૯૭૧.૫ ના સ્તરે બંધ રહ્યો હતો.

વાયદાઓમાં કામકાજની દૃષ્ટિએ પ્રથમ સત્ર સુધીમાં સોનાના વિવિધ વાયદાઓમાં મળીને ૨૩૬૦૩ સોદાઓમાં કુલ રૂ. ૪૦૭૨.૨૪ કરોડ ની કીમતનાં ૮૨૮૫.૨૮૯ કિલો, ચાંદીના વિવિધ વાયદાઓમાં મળીને ૮૪૪૨૨ સોદાઓમાં કુલ રૂ. ૩૨૨૬.૪૭ કરોડ ની કીમતનાં ૬૦૮.૮૬૭ ટન, ક્રૂડ તેલમાં ૨૪૬૭૩ સોદાઓમાં રૂ. ૧૧૪૦.૪૩ કરોડનાં ૩૭૨૪૨૦૦ બેરલ્સ, કોટનમાં ૩૫૨ સોદાઓમાં રૂ. ૧૭.૫૮ કરોડનાં ૧૦૯૨૫ ગાંસડી, સીપીઓમાં ૧૯૯૭ સોદાઓમાં રૂ. ૨૦૫.૪૩ કરોડનાં ૨૯૫૮૦ ટન, એલચીમાં ૨ સોદાઓમાં રૂ. ૨.૭૮ લાખનાં ૦.૨ ટન, મેન્થા તેલમાં ૩૬ સોદાઓમાં રૂ. ૩.૮૦ કરોડનાં ૩૮.૮૮ ટન, કપાસમાં ૩૦ સોદાઓમાં રૂ. ૬૪.૦૫ લાખનાં ૧૩૨ ટનના વેપાર થયા હતા.

ઓપન ઈન્ટરેસ્ટ પ્રથમ સત્ર સુધીમાં સોનાના વાયદાઓમાં ૨૧૬૩૬.૨૮૧ કિલો, ચાંદીના વાયદાઓમાં ૬૫૧.૭૯૬ ટન, ક્રૂડ તેલમાં ૫૧૦૫ બેરલ્સ, કોટનમાં ૧૧૬૨૭૫ ગાંસડી, સીપીઓમાં ૭૫૭૭૦ ટન, એલચીમાં ૦.૬ ટન, મેન્થા તેલમાં ૧૩૮.૨૪ ટન અને કપાસમાં ૬૦૪ ટનના સ્તરે રહ્યો હતો.

સોનાનાં ઓપ્શન્સમાં સૌથી વધુ સક્રિય રહેલા કોન્ટ્રેક્ટોમાં કોલ ઓપ્શન્સનો રૂ. ૧૩૪૭૫ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો જુલાઈ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ. ૨૫૫.૫ ખૂલી, ઊપરમાં રૂ. ૨૬૫ અને નીચામાં રૂ. ૨૦૦ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૨૧૭.૫ બંધ રહ્યો હતો, જ્યારે પુટ ઓપ્શન્સમાં રૂ. ૧૧૪૭૫ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો જુલાઈ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૬૦ ખૂલી, ઊપરમાં રૂ. ૧૯૯ અને નીચામાં રૂ. ૧૫૭ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૧૯૭ બંધ રહ્યો હતો. ચાંદીનાં ઓપ્શન્સમાં સૌથી વધુ સક્રિય રહેલા કોન્ટ્રેક્ટોમાં કોલ ઓપ્શન્સનો રૂ. ૧૫૪૭૫ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો ઓગસ્ટ કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ. ૨૩૮૮.૫ ખૂલી, ઊપરમાં રૂ. ૨૫૪૪ અને નીચામાં રૂ. ૨૩૬૫ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૨૪૯૮ બંધ રહ્યો હતો, જ્યારે પુટ ઓપ્શન્સમાં રૂ. ૧૩૪૭૫ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો ઓગસ્ટ કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ. ૭૪૬.૫ ખૂલી, ઊપરમાં રૂ. ૭૪૬.૫ અને નીચામાં રૂ. ૬૬૧ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૬૯૯.૫ બંધ રહ્યો હતો.

તાંબાનાં ઓપ્શન્સમાં સૌથી વધુ સક્રિય રહેલા કોન્ટ્રેક્ટોમાં પુટ ઓપ્શન્સમાં રૂ. ૩૭૦૧૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો જુલાઈ કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ. ૨.૧ ખૂલી, ઊપરમાં રૂ. ૨.૧ અને નીચામાં રૂ. ૨.૧ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૨.૧ બંધ રહ્યો હતો.ક્રૂડ તેલનાં ઓપ્શન્સમાં સૌથી વધુ સક્રિય રહેલા કોન્ટ્રેક્ટોમાં કોલ ઓપ્શન્સનો રૂ. ૩૯૬૨૫ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો જુલાઈ કોન્ટ્રેક્ટ બેરલદીઠ રૂ. ૨૬.૧ ખૂલી, ઊપરમાં રૂ. ૩૯.૬ અને નીચામાં રૂ. ૨૫.૧ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૩૬.૭ બંધ રહ્યો હતો, જ્યારે પુટ ઓપ્શન્સમાં રૂ. ૩૯૫૨૫ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો જુલાઈ કોન્ટ્રેક્ટ બેરલદીઠ રૂ. ૩૦.૧ ખૂલી, ઊપરમાં રૂ. ૩૬.૮ અને નીચામાં રૂ. ૨૫ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૨૮.૭ બંધ રહ્યો હતો.

### આજે ભારે વરસાદની આગાહી

# ૨૪ કલાકમાં રાજ્યના ૧૦૧ તાલુકામાં વરસાદ

**ગાંધીનગર,તા.૧૫**

રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૦૧ તાલુકામાં વરસાદ નોંધાયો છે. દક્ષિણ ગુજરાતના નવસારીના જલાલપોરમાં સૌથી વધુ ૪.૫ ઈંચ વરસાદ ખાબક્યો છે. સુરત સિટીમાં પણ ૪ ઈંચ જેટલો વરસાદ પડ્યો છે. નવસારીમા પણ ૩ ઈંચ જેટલો વરસાદ પડ્યો છે. સુરતના ચોર્યાસીમાં પોણા ત્રણ ઈંચ વરસાદ નોંધાયો છે. તો બોટાદમાં સવા બે ઈંચ વરસાદ પડ્યો છે. રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં ૯ તાલુકામાં ૨ ઈંચ કરતા વધારે વરસાદ પડ્યો છે. તો રાજ્યના ૧૭ તાલુકામાં ૧ ઈંચ કરતા વધારે વરસાદ નોંધાયો છે.



આજે સવારથી ૮ વાગ્યા સુધીમાં રાજ્યના ૯ તાલુકામાં વરસાદ નોંધાયો છે. આજે પણ દક્ષિણ ગુજરાતના તાલુકામાં વરસાદનું જોર રહ્યું છે. વલસાડના ઉમરગામ અને સુરતના ચોર્યાસીમાં આજે સવારે ૧.૫ ઈંચ કરતા વધારે વરસાદ ખાબકી ચૂક્યો છે. દક્ષિણ ગુજરાતના નવસારીના જલાલપોરમાં સૌથી વધુ ૪.૫ ઈંચ વરસાદ ખાબક્યો છે. હવામાન વિભાગ દ્વારા આગામી ૧૬ અને ૧૭ જુલાઈ ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છ, જૂનાગઢમાં અતિ ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે.

તેમજ નવસારી, વલસાડ, દિવ, દમણમાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. આ ઉપરાંત દાદરા નગર હવેલી, સુરત, ડાંગમાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. તાપીમાં ભારે વરસાદની આગાહી કરી છે. અમરેલી, ભાવનગર, ગીર સોમનાથમાં ભારે વરસાદ થઈ શકે છે. આગામી ૨ દિવસ માછીમારોને દરિયો ન ખેડવા સૂચના આપવામાં આવી છે. તો મધ્ય ગુજરાત અને અમદાવાદમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી છે.

સૌરાષ્ટ્રમાં ૧૨૫ ટકાથી પણ વધુ વરસાદ ખાબકી ચુક્યો

સૌરાષ્ટ્રની ધરતી પર આ વર્ષે પણ મેઘરાજાનું હેત વધારે રહ્યું છે અને આજ તા.૧૪ જૂલાઈ સુધીમાં સરેરાશ જેટલો વરસાદ વરસતો હોય છે તેના કરતા ૫૦ ટકાથી ૫૦૦ ટકા વધુ અને એકંદરે ૧૨૫ ટકા વધુ એટલે કે સવા ગણો વરસાદ વરસી ગયો છે. ઉપરાંત, આજે ફરી ગુજરાતમાં નૈઋત્યના વરસાદી પવનની સાથે ભારે વરસાદ આવે તેવી શક્યતા બળવત્તર બની છે અને સૌરાષ્ટ્ર સહિત રાજ્યભરમાં પાંચ દિવસ સુધી ભારે વરસાદની આગાહી હવામાનખાતાએ કરી છે.



હાલમાં વિશ્વ સહિત આખા દેશમાં કોરોના એ ભરડો લીધો છે ત્યારે ગુજરાત સહિત પાટણ જિલ્લો પણ બાકાત નથી આ કોરોના મહામારી માં પોલિસ આરોગ્ય અને સંલગ્ન વહીવટી તંત્ર પોતાની અને પોતાના પરિવાર ની ચિંતા કર્યા વગર રાત દિવસ પોતાની ફરજ બજાવી રહ્યા છે ત્યારે ચાણસ્મા તાલુકાના મણીપુરા ગામે કોરોના કેસ મલી આવતા છેલ્લા સાત દિવસથી ચાણસ્મા આરોગ્ય ની ટીમ સર્વેલન્સ સહિત ની કામગીરી માટે મુકવામાં આવીછે જેમાં વડાવલી પ્રા આરોગ્ય કેન્દ્ર માં મહિલા આરોગ્ય કાર્યકર તરીકે ફરજ બજાવતા અને હાલ માં મણીપુરા ખાતે આરોગ્ય ની કામગીરી માટે મુકવામાં આવેલા શાંતાબેન ચૌધરી કે જેઓ ને આઠ માસ નો ગર્ભસ્થ સમય ગાળો ચાલતો હોવા છતાં અને કોરોના ગ્રસ્ત મણીપુરા માં આ સમય ગાળા દરમિયાન પોતાના આરોગ્ય ની પરવા કર્યા વિના સાચા સેવાર્થી બની કોરોના વોરીયર બની પોતાની ફરજ બજાવી રહ્યા છે તૈમના જણાવ્યા મુજબ તેમના પતિ વિપુલભાઈ ચૌધરી જમ્મુ કાશ્મીર એલ ઓ સી પર સૈનિક તરીકે તહેનાત રહી દેશ સેવા કરી રહ્યા છે આમ બને પતિ-પત્ની સાચા સેવાર્થી બની ચાણસ્મા તાલુકાનૂ ગોરવ વધારી રહ્યા છે અહેવાલ નિખિલ જોષી ચાણસ્મા

# તબીબી અધ્યાપકો અને વિદ્યાર્થીઓને કોરોના વોર્ડમાં સેવા આપવા નિર્ણય

ગાંધીનગર,તા.૧૫

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં હાલ ૧૦૦થી વધુ કોરોનાગ્રસ્ત દર્દીઓની સારવાર ચાલી રહી છે. ગાંધીનગર ઉપરાંત અમદાવાદ, મહેસાણા, કડી સહિત વિવિધ સ્થળેથી દર્દીઓને સિવિલમાં રીફર કરાય છે ત્યારે બીજી બાજુ સિવિલના કેટલાક તબીબોને અન્ય હોસ્પિટલમાં ટ્રાન્સફર કરાયા છે. પરિણામે દર્દીઓની વધતી સંખ્યા સામે તબીબોની અછત અનુભવાઈ રહી છે. આ સ્થિતિ નિવારવા માટે મેડિકલ કોલેજના તમામ અધ્યાપકો અને વિદ્યાર્થીઓને કોરોના વોર્ડમાં ફરજ સોંપવાનો નિર્ણય લેવાયો છે. સિવિલ હોસ્પિટલમાં દર્દીઓની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે ત્યારે યોગ્ય સારવારનો અભાવ હોવાના આક્ષેપો પણ થઈ રહ્યા છે. ઓછા તબીબ અને અપૂરતા નર્સિંગ સ્ટાફની સમસ્યાનો સામનો કરી રહેલી ગાંધીનગર સિવિલમાંથી કેટલાક તબીબોને અન્ય જિલ્લાની હોસ્પિટલોમાં ટ્રાન્સફર કરાયા છે. જેના કારણે, દર્દીઓની સારવારમાં અડચણો ઊભી થઈ રહી છે. કોરોના વિકરાળ સ્વરૂપ ધારણ કરી રહ્યો છે ત્યારે આ સમસ્યા નિવારવા જીએમઈઆરએસ મેડિકલ કોલેજના ડીન દ્વારા સોમવારે બેઠકનું આયોજન કરાયું હતું.

ત્રણ કલાક ચાલેલી આ બેઠકમાં મેડિકલ કોલેજના અધ્યાપકો તથા અન્ય સ્ટાફ પાસેથી સૂચનો લેવાયા હતા. બેઠક દરમિયાન રજૂઆત થઈ હતી કે, કેટલાક તબીબો અને સ્ટાફને કોવિડ વોર્ડમાં ફરજ સોંપાયા બાદ તેઓ પોતાની કામગીરી બદલવા માટે દબાણ લાવતા હોય છે. બેઠક દરમિયાન રજૂ થયેલા વિવિધ મુદ્દા પર વિચારણા બાદ ડીને મંગળવારે મેડિકલ કોલેજમાં ફરજ બજાવતા પ્રી-પેરા અને ક્લિનિકલના દરેક અધ્યાપકને કોવિડ વોર્ડમાં ફરજ બજાવવા સૂચના આપી છે. નર્સિંગ સ્ટાફની ક્ષમતા વધારવાની જરૂરિયાત પર ભાર મૂકી ડીને ઈન્ટર્નશિપ કરતાં વિદ્યાર્થીઓને પણ કોવિડ વોર્ડમાં ફરજ સોંપવા જણાવ્યું છે. ોવિડ વોર્ડમાં ફરજ ન સોંપાય તે માટે ભલામણો કે દબાણ ન કરવા સ્પષ્ટ સૂચના અપાઈ છે. ફરજમાં ફેરબદલ માટે ડીન કે સુપ્રિન્ટેન્ડન્ટ સાથે કોઈને પણ ચર્ચા ન કરવા જણાવાયું છે. સિવિલ હોસ્પિટલના પાંચથી આઠ માળ સુધી કોરોનાના દર્દીઓને દાખલ કરાયા છે. જેમાં સાતમા અને આઠમા માળના દર્દીઓની સારવાર દરમિયાન ફરજ પરનો સ્ટાફ કોલ ટ્રાન્સફર કરી દેતો હોવાનું ધ્યાને આવ્યુ હતું. જેથી કોવિડ વોર્ડના સ્ટાફ માટે તાલીમ વ્યવસ્થા ગોઠવવા મેડિસિન અને એનેસ્થેશિયા ડીપાર્ટમેન્ટને સૂચના અપાઈ છે.

### ભારે વરસાદથી થયેલ નુકસાનીનું ખેડૂતોને વળતર ચૂકવાશે

ગાંધીનગર,તા.૧૫

મુખ્યમંત્રી વિજય રૂપાણીના અધ્યક્ષસ્થાને મળેલી રાજ્ય મંત્રીમંડળની બેઠકમાં મહત્વપૂર્ણ નિર્ણય લેવાયો છે. જે મુજબ, ગુજરાતમાં જ્યા પણ અતિવૃષ્ટિને કારણે નુકસાન થયું છે ત્યાં નુકસાનીનો સરવે કરીને વળતર ચૂકવવામાં આવશે. આ ઉપરાંત ઉત્તર ગુજરાતના કેટલાક ભાગોમાં તીડના ના ઝુંડ આવ્યા છે સરકાર દેખરેખ રાખી રહી છે. જો મોટા સમૂહ હશે તેને નિયંત્રિત કરવાની કાર્યવાહી પણ કૃષિ વિભાગ કરશે.અધિકારીઓને બોલાવીને સૂચના આપી છે. કેબિનેટ બેઠક પૂર્ણ થયા બાદ જાહેરાત કરાઈ કે, રાજ્યમાં અનેક સ્થળોએ અતિવૃષ્ટિ થઈ છે. ડેમો ભરાયા છે. તો ક્યાંક ડેમ ઓવરફ્લો થયા છે. નદીકાંઠાના વિસ્તારોમાં પાણીને કારણે ધોવાયા છે. આ અંગે અલગ અલગ વિસ્તારોમાંથી રજૂઆતો આવી છે.

**ભટ્ટ ભરપૂર વટ કરે, ને લાડુ કરે છે ચટ્ટ.**
**બ્રાહ્મણનાં ઘરમાં, મોજ કરે તેને ભટ્ટજી કહેવાય .**
**વ્યાસ ગ્રંથમાં વાસ કરે, ને લખાણ કરે મસ્ત.**
**અજ્ઞાની ને જ્ઞાન દે છે, ધરતી પરનાં વ્યાસ કહેવાય.**
**ઠાકર બધાં રાજ કરે, ને છે એમનો ઠાઠ,**
**સાકરની જેમ ભળી જાય, એમને ઠાકર કહેવાય.**
**દવે તો આનંદ કરે, એ દિનદયાળ થાય.**
**દુખીઓનું દુખ દૂર કરે, એ દવે કહેવાય.**
**રાવલ રચના કરે, ને સૌનું પાલન થાય.**
**બાવળને દૂર કરે જે, એ રાવલ કહેવાય.**
**પંડ્યા પાવન કરે, ને સૌનું ઘડતર થાય.**
**પંડિત બનીને જીવે, ત્યારે પંડ્યા કહેવાય.**
**ત્રીવેદી ત્રણ વેદ કરે, ને તે તરતાં થાય.**
**વેદના હ્દયની સમજે, તે ત્રીવેદી કહેવાય.**
**જોષી કુંડળી ઠીક કરે, ને જે જ્યોતિષ થાય.**
**ગ્રહ પીડા દૂર કરે, તે સાચ્ચો જોષી કહેવાય.**
**આચાર્ય વિચાર કરે, ને તેને આભાસ થાય.**
**જે થોડામાં ઘણું કરે, તે આચાર્ય કહેવાય.**
**પાધ્યાજી અધ્યયન કરે, ને તે શીક્ષીત થાય.**
**નિખાલસ જીવે જિંદગી, તે પાધ્યા કહેવાય.**
**માનવધારે.મહેતા રોજ કરે મોજ તેનાં તોલે ના કોઇ થાય**
**સ્વભાવે હોય શાંત એ મહેતા કહેવાય.**




# ન્યૂઝ ઓફ ગાંધીનગર સાહિત્ય વિભાગ.આયોજક - સંચાલન એડમીન ટીમ.

ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય વિભાગ બાળ.વિભાગ મા.આપ.સૌ નું.સ્વાગત છે.

બાળ વિભાગ

પ્રકૃતિનું આપણાં જીવનમાં મહત્ત?વ

પ્રકૃતિ અર્થાત... આપણાં જીવવાનું કારણ! કઈ રીતે? પ્રકૃતિનું એક અભિન્ન અંગ, વૃક્ષો, જેમાંથી મળતા પ્રાણવાયુ વગર કઈ રીતે જીવશું?

આપણી પાંચ જ્ઞાનેંદ્રીયને આ સૃષ્ટિથી જ તાજગી મળે છે! નયનને આ પ્રકૃતિસૌંદર્ય, કર્ણને પશુ-પક્ષીઓનો સુરીલો ધ્વનિ, નાકને ફૂલોની ગંધ, મુખને તરુની ભેંટ રૂપે મીઠા અને રસમય ફળ અને સ્પર્શેંદ્રીયને તો સમીરનો સ્પર્શ જ શાતા અર્પે છે...! કેટકેટલા ઉપહાર મળેલ છે આપણને આ પ્રકૃતિમાંથી!! શુધ્ધ તાજગીનો અનુભવ માત્ર પવનની એક લહેરથી!

પ્રકૃતિ ફક્ત આપણને તાજગી જ નથી આપતી પરંતુ આપણા નકારાત્મક વિચારને પણ બદલી શકે છે! પ્રકૃતિ આપણને બહુ બધી કળાઓ શિખવાડે છે... ચિત્ર બનાવવાસમ સુંદર દ્રશ્ય આપે છે. જીવનકળા અને જ્ઞાનકળા પણ શીખવે છે! પરંતુ,

પ્રકૃતિની સુંદરતાને છેડશો, તો જીવન સમાપ્ત થઈ જશે!

પ્રકૃતિ જ્યારે રૌદ્ર સ્વરૂપ ધારણ કરે છે, ત્યારે આપણે સૌ તેની સામે ખૂબ જ પાંગળા બની જઈએ છીએ. તેની શક્તિ સામે આપણું બુધ્ધિ બળ સાવ નિરર્થક છે. અપાર વિનાશના સાક્ષાત્ દર્શન થાય છે. તેથી જ, પ્રકૃતિને અનુરૂપ વર્તી તેનું રક્ષણ કરવાની જવાબદારી આપણા જ શિરે છે કારણ,

જે પોષતું તે મારતું, એ ક્રમ દિસે છે કુદરતી!

–૨કવિ કલાપી–

ઋજુ અપૂર્વ શાહ ધોરણ - ૮

---

ન્યૂઝ ઓફ ગાંધીનગર

વિભાગ : બાળ વિભાગ.

Books: My Best Friend.

During this lockdown period when we have to maintain social distancing, I can not meet my school friends and not even the friends who stays in the same building of mine.

But now I have discovered a new friend who is always with me and no need to worry about the social distancing. Yes!! My new best friends during this lockdown are books!. My favourite is the Akbar Birbal stories, Solar system, The Secret Seven; Adventure series and also the 15th chapter of The Bhagvad Geeta( which I read every day) that I love to read.

Solar System gives information about The Sun and its planets.

*The Seven Secrets is an adventurous story about how the seven children got to know the secrets of the world.

*The Akbar Birbal stories are very interesting and gives new ideas to solve problems.

*"The 15th chapter of the Bhagvad Gita which is also known as Purushottam Yog. It shows the path of Dharma.

All these books gives me pleasure to know different things about science, adventure, life stories , moral values and Dharma.

Dhairya Jignesh Mehta.

Standard : 4.

---

પ્રકૃતિ વિના જીવન અશક્ય છે એમ કહીએ તો પણ અતિશયોક્તિ નથી. કુદરતની દેન પ્રકૃતિમાં વૃક્ષો એ જન્મતાંજ લાકડાનાં ઘોડિયામાં આરામ ફરમારવી ખુશખુશાલ નજરે પડતા અને સૌને આનંદની ક્ષણો આપતાં...મરણ સમય એજ લાકડાની શચા પર નિદ્રામાં પોઢતાં આમ મરણ સુધી ફરજિયાત પણે છે

પ્રકૃતી જે આપણી ધરતી માતાનો સણગાર છે.વનસ્પતી એ ધરતી માતાની લીલુડી ઓઢણી છે.

જળાશયો જીવન જરુરી છે. દરિયો જેટલો શાંત હોય છે. એટલો જ તુફાની દરિયો જે આનંદદાયક અને પર્યટન સ્થળ કહી શકાય. પ્રકાશ જે ફૂલ ખીલખવે છે... વાયુ, વગેરે પ્રકૃતિનું દરેક રુપ મનહર અને જીવન જરુરી છે. સજીવ માટે પ્રકૃતિ કુદરતના આશિષ છે.

પ્રકૃતી સૃષ્ટિ નું શણગાર છે.

સંગાર ગાયત્રી રમેશ ભાઈ (ઉઠાર)

ધોરણ ૧૦

---

બાળ વિભાગ

પ્રાકૃતિનું આપણા જીવનમાં મહત્વ

આજના આધુનિક યુગમાં મનુષ્ય પ્રકૃતિને બહુ સાધારણ અને તુચ્છ સમજવા લાગ્યો છે. દુનિયામાં લોકો વધારે સમય ઈન્ટરનેટ અને ટેલિવિઝન જોવામાં વિતાવે છે.

પ્રકૃતિથીજ આપણને પીવાનું પાણી, શુદ્ધ હવા , ફળ , ફૂલ , જમીન , સમુદ્ર , આકાશ , જીવ-જંતુ , અને પક્ષીઓ વગેરે ભાગવાને આ બધી વસ્તુ મનુષ્યના જીવનને સુંદર બનાવવા કરી છે.

પ્રકૃતિ આપણને મદદ કરે છે પણ મનુષ્ય પ્રદૂષણ , ગ્લોબલવોર્મિંગ , ગ્રીનહાઉસ જેવી વસ્તુથી પ્રકૃતિનો નાશ કરે છે. પ્રકૃતિમાં એ શક્તિ છે કે એ બીમારી પણ દૂર કરી શકે છે. હરિયાળી જોઈને મગજને શાંતિ મળે છે.

આપણે પ્રકૃતિને સ્વચ્છ અને સુંદર રાખવા વૃક્ષો વાવવા જોઈએ

" પ્રકૃતિનું સન્માન એજ આપણો ધર્મ છે".

લેખક : પ્રિશા શાહ ધોરણ : ૯

---

વિભાગઃબાળ વિભાગ

શીર્ષકઃપ્રક્રુતિ નું આપણા જીવનમાં મહત્વ

પ્રક્રુતિના સર્જનહાર પરમાત્મા એક અદભૂત ચિત્રકાર છે.સૃષ્ટિમાં વૃક્ષો, પર્વતો,નદીઓ, ફૂલો, પશુપંખીઓ વગરે નું સર્જન કરી તેમણે પોતાની ચિત્રકળાની કુશળતાનાં દર્શન કરાવ્યા છે.

વસંતની ઋતુમાં બહાર પ્રક્રુતિનું સૌંદર્ય સોળે કલાએ ખીલી ઉઠે છે.વર્ષાઋતુમાં સર્વત્ર છવાઈ જતી ધરતી લીલીછમ દેખાય છે. ઉષાની મુલાયમ લાલીમામાં, સંધ્યાના મહેફિલમાં, પૂનમની શીતળતામાં, તારાઓના ઝગમગાટ અને રૂના પોલ જેવાં વાદળાંમાં કુદરતની અનોખી પ્રસન્નતાનાં દર્શન થાય છે. સરીતાનો કલકલ નાદ, સરોવર ના મંદ તરંગો, ઘટાદાર વનરાજી, હરીયાળાં ખેતરો તથા રંગબેરંગી પુષ્પોની મીઠી સુવાસમાં પ્રક્રુતિનો ઉલ્લાસ પ્રકટ થાય છે.

મોહક મેઘધનુષમાં પણ પ્રક્રુતિનું સ્નેહલ સ્મીત જ દેખાય છે. કુદરતે પૃથ્વી પર અનુપમ રમણીય છૂટે હાથે વેરી છે.

કુદરતનું સૌંદર્ય અનુપમ છે અને માધુર્ય અનન્ય છે; જ્યારે એ જ કુદરત ક્રોધ ભરાઈને તાંડવ કરે છે. ત્યારે અત્યંત વિકરાળ અને વિનાશક રૂપ ધારણ કરે છે.પળવાર ધરતીકંપથી માનવી નું યુગોજૂનું સર્જન હતું-ન-હતું થઈ જાય છે, નંદનવન જેવાં નગરો ખંડરોમાં પલટાઈ જાય છે, સાગરના સ્થાન બદલાય જાય છે, સરીતાનું વહેણ બદલાય છે.યુગો સુધી ન બદલાય તેવા નીશાન મૂકી જાય છે.

કુદરતનાં હાસ્ય અને તાંડવ, એના રમ્ય અને રૌદ્ર રૂપો, માનવીના જીવનઘડતર અને વિકાસમાં મહત્વનો ભાગ ભજવે છે. કુદરતનું હાસ્ય માનવજીવનને સરસ, સુખદ અને સમૃદ્ધ બનાવે છે. એનું તાંડવ માનવીનાં સુખસમૃદ્ધિને છિન્નભિન્ન કરી તેને પોતાની ક્ષુદ્રતા અને મર્યાદાનું દુ:ખદ ભાન કરાવે છે.

ધાર્મિક ડોડીયા (Std 10)

---

એડમીન પેનલ - પ્રદીપ રાવલ (તંત્રી/માલિક)

નિર્ણાયકશ્રી-જયશ્રી પટેલ,વંદના વાણી,કિશોર ઠક્કર

સહ નિર્ણાયક - આરતી મર્ચન્ટ ,આરતી રામાણી

સંચાલક - જીજ્ઞા કપુરિયા

સહ સંચાલક - મનીષ વોરા,

---

નોધ :- ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક પ્રસિદ્ધ સાહિત્ય વિભાગ ના આયોજક,આયોજન,સંચાલન હવે પછી સાહિત્ય વિભાગ ગ્રુપ એડમિન કરશે.કોઈપણ લખાણ કે વ્યક્તિગત વાદ વિવાદ જવાબદાર એડમીન ટીમ રહેશે.તંત્રી ક્યાંય પણ કોઈપણ લખાણ કે ગ્રુપ મેમ્બરોને લગતા વાદ વિવાદ ને જવાબદાર નથી.જે સર્વે આં ગ્રુપ ના મેમ્બર નોધ લેવી ..તંત્રી : પ્રદીપ રાવલ




# જાતી,ધર્મ,સમાજથી પર : પ્રેમ સંબંધ





પ્રેમ એ ફક્ત પ્રેમજ છે, તે ફક્ત વ્યક્તિને અને લાગણીને જ જુએ છે. તેનાથી આગળ તેને કંઈ જ દેખાતું નથી. પોતાના પ્રેમને લગ્નની મંજીલ સુધી પહોંચાડવામાં અલગ અલગ જાતીના પ્રેમીઓને ઘણી મથામણ કરવી પડતી હોય છે. લગ્ન પછી પણ રહેણીકરણી, ખાણીપીણી અને રીતરિવાજોનું અંતર તેમને ઘણી મુશ્કેલીઓમાં મૂકી દે છે પણ સાચા પ્રેમી આ મુશ્કેલીઓનો સામનો કરી દામ્પત્યને સફળ બનાવી લે છે.

પ્રેમમાં સંપૂર્ણપણે આત્મસમર્પણનું એક સ્વરૂપ લગ્ન પણ છે. બે વિજાતીય વ્યક્તિઓ વચ્ચે જન્મેલી પ્રેમની ભાવના તેમને એકબીજાની આર્થિક, ધાર્મિક, સામાજિક અને જાતીય પૃષ્ઠભૂમિના વિચારોથી અલગ જ રાખતી હોય છે. પ્રેમ કરતી વખતે પ્રેમીની જાતિ-ધર્મ વિશે બહુ વિચારવાની જરૂર નથી હોતી. પ્રેમ એક અનુભૂતિ છે, જે સમજીવિચારીને આયોજનપૂર્વક કરવામાં આવતો નથી. બે અલગ અલગ ધર્મોની વ્યક્તિઓ વચ્ચે જ્યારે પ્રેમ પાંગરતો હોય છે, તે જ સમયે આ નિર્ણય તેમણે સમજીવિચારીને કરેલો હોય છે. તેમાં તેઓ પોતાના જીવનસાથીની ધાર્મિક અને જાતીય શ્રદ્ધાઓમાં માનવાની સમજ વિકસિત કરી લેતાં હોય છે. તેઓ જીવનભર સંગાથ માટે, એડજસ્ટમેન્ટ માટે તૈયાર રહેતાં હોય છે. આજકાલ આંતરજ્ઞાતીય કે આંતરધર્મી લગ્ન વિશે ઘણુંબધું સાંભળવા મળતું હોય છે. એક બ્રાહ્મણ યુવતીએ ક્ષત્રિય યુવક સાથે લગ્ન કર્યાં કે કોઈ શીખ યુવકે ખ્રિસ્તી યુવતી સાથે લગ્ન કર્યાં. પ્રેમ અને પ્રેમલગ્નની બાબતમાં સ્વચ્છંદ વિચારસરણી ધરાવતા લોકો સિવાય જીવનભરના સાથ માટે એકબીજાને ફક્ત પરિવારનો જ નહીં પણ ધર્મ અને સમાજના ઠેકેદારોનો પણ સામનો કરવો પડતો હોય છે. દરેક પેઢીમાં પ્રેમનું લગ્નમાં રૂપાંતર કરવા માટે પ્રેમીઓએ વિદ્રોહ કર્યો છે. છેલ્લા કેટલાક સમયથી આપણા દેશમાં ઊછરી રહેલી એક નવી યુવા સંસ્કૃતિ અને વિચારસરણીમાં માનનારી એવી પેઢી પણ બહાર આવી છે, જેના માટે પ્રેમમાં ધર્મ, ભાષા, જાતિ ગૌણ બની જતાં હોય છે. પ્રેમ ભલે અજાણતાં થઈ ગયો હોય પણ પ્રેમને લગ્નનું સ્વરૂપ આપવું એ તેમનો સમજીવિચારીને કરેલો નિર્ણય હોય છે.

આંતરજ્ઞાતીય કે આંતરધર્મી લગ્ન કરનારા લોકો માટે પ્રેમ કરવો સરળ બની શકે છે પણ પોતાના ધર્મથી અલગ અથવા જાતિ બહાર લગ્ન કરવાનો નિર્ણય પડકારરૂપ બને છે. આવા સમયમાં માતાપિતા અને પરિવારનું ઈમોશનલ બ્લેકમેઈલિંગ પણ સહન કરવું પડતું હોય છે. જેમ કે, માતાપિતા જિંદગીભરનો સંબંધ તોડી નાખવાની ધમકી આપે છે. સ્થિતિ તેનાથી ઊલટી પણ બની શકે છે કે પરિવારના લોકો કે સંબંધીઓ પ્રેમીપ્રેમિકાને જાનથી મારી નાખવાની ધમકી આપતા હોય છે.

આવા આંતરજ્ઞાતીય પ્રેમલગ્નમાં મોટાભાગે યુવકયુવતીઓને સંબંધીઓનો તિરસ્કાર સહન કરવો પડતો હોય છે. મોટાભાગે આવાં દંપતીઓનો બહિષ્કાર કરી દેવામાં આવે છે. આંતરજ્ઞાતીય લગ્નોના પરિણામે નાનાં ભાઈબહેનોનાં લગ્નમાં મુશ્કેલી પડશે તેવી વાતો કરીને વિરોધ કરવામાં આવતો હોય છે. આંતરજ્ઞાતીય લગ્નોમાં પરિવારના લોકો કરતાં સંબંધીઓ વધારે સમસ્યા ઊભી કરે છે. ક્યારેક ઘરના લોકોની દહેજ માટે કાનભંભેરણી કરવામાં આવે છે તો ક્યારેય સમાજમાં



માનસન્માનની આણ આપવામાં આવે છે.

જો પ્રેમલગ્ન કરનારા અલગ અલગ ભાષાઓ બોલતા હોય અને એકબીજાની ભાષા પૂરેપૂરી જાણતા ન હોય ત્યારે તેમને પોતાની ભાવનાઓની પૂર્ણ અભિવ્યક્તિ કરવાનું મુશ્કેલ બની જતું હોય છે. આંતરજ્ઞાતીય પ્રેમલગ્ન કરનારા માટે અચાનક બીજા વાતાવરણ અથવા રીતરિવાજોમાં પોતાને ગોઠવવાનું કામ સરળ નથી હોતું, કારણ કે બાળપણથી જે ધાર્મિક અને સામાજીક વાતાવરણમાં ઉછેર થયો હોય તેમને બીજા રીતરિવાજો કે વિધિઓ અપનાવવામાં થોડીક પરેશાની તો થતી જ હોય છે.

આવા સંજોગોમાં જરૂર હોય છે જીવનસાથીના સાહજિક સાથની. જેણે પોતાની ઈચ્છાઓ અને વિચારોને એકબીજાના માથા પર પરાણે થોપ્યા નથી. આવા સંજોગોમાં તમારો જીવનસાથી બીજા ધર્મ કે જાતિનો હોય તો ભલે તેના ધર્મને સ્વીકારો નહીં પણ તેનું સન્માન જરૂર કરો.

બે અલગ ખાનપાનના શોખીન પ્રેમીપ્રેમિકાઓ માટે પ્રેમલગ્ન કરવામાં સમસ્યાઓ આવતી હોય છે પણ એકબીજાને સાચો પ્રેમ કરતાં હોવાથી આ મર્યાદાઓ તેમને નડતી નથી. પ્રેમલગ્નને (આંતરજ્ઞાતીય) ટકાવી રાખવા માટે પોતાની જવાબદારીઓ સમજવી અને તેના માટે પ્રયત્નશીલ રહેવું જરૂરી હોય છે. આવા સંજોગોમાં આંતરજ્ઞાતીય લગ્નોમાં બાળકો મોટાં થાય ત્યારે તેમના અસ્તિત્વની ઓળખને લઈ સમસ્યા ઊભી થતી હોય છે. આવાં લગ્નો પછી જન્મેલાં બાળકોનું સમાજમાં શું વજૂદ હશે કે પછી ક્યો ધર્મ અને સંસ્કૃતિને અપનાવશે?

સમસ્યા ગમે તેટલી ગંભીર હોય પણ આંતરજ્ઞાતીય પ્રેમલગ્ન કરનાર યુગલ દરેક મુસીબતને પોતાના પ્રેમથી જીતવાનું સાહસ ધરાવતું હોય છે. અરેન્જ મેરેજ હોય કે પછી લવમેરેજ બંને પ્રકારનાં લગ્નોમાં પુરુષની તુલનામાં સ્ત્રીએ વધારે અનુકૂળ થવાનું હોય છે. તો પછી કોઈ અજાણી વ્યક્તિ સાથે લગ્ન કરવા કરતાં વધારે સારું એ છે કે એવી વ્યક્તિ સાથે લગ્ન કરો જેને તમે પ્રેમ કરો છો અને જે દરેક પરિસ્થિતિમાં તમને સાથ આપશે. તો પછી પ્રેમલગ્નમાં શું ખરાબી છે? ભલે પછી ધર્મ અને જાતિ અલગ જ કેમ ન હોય. હા, તમે શોધેલા પ્રિયપાત્રમાં દરેક પરિસ્થિતિનો સામનો કરી પહોંચી વળવાની મક્કમતા હોવી જરૂરી છે.

# નિવૃત્તિ પછી પ્રવૃત્તિમય રહી રણ વિસ્તારમાં ખેતી અને આરોગ્ય ક્ષેત્રે નવો રાહ ચિંધતા ડૉ. અરૂણ આચાર્ય

બનાસકાંઠા બ્યુરો ગૌરવ પુરોહિત

સરકારી સેવામાંથી નિવૃત્ત થયાં પછી શું કરવું અને કેવી રીતે સમય પસાર કરવો તે ઘણા અધિકારીઓ અને કર્મચારીઓને મુંઝવતો પ્રશ્ન હોય છે. જયારે ઘણા એવા પણ અધિકારીઓ અને કર્મચારીઓ છે કે, જેઓ ઘણાં લાંબા સમય સુધી સરકારમાં સેવા આપ્યાણ પછી નિવૃત્તિના સમયમાં પણ નવી ઈનીંગની શરૂઆત કરી આનંદથી જીવન પસાર કરતાં હોય છે. આજે આપણે એક એવા અધિકારીની વાત કરવી છે કે જેમણે આરોગ્ય ખાતામાં મેડીકલ ઓફિસર તરીકે કારકિર્દીની શરૂઆત કરીને મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી સુધીની સફર પૂર્ણ કરી નિવૃત્ત જીવન ગાળી રહ્યાં છે. બનાસકાંઠા જિલ્લાના વાવ તાલુકાના ખીમાણાવાસ ગામે રહેતાં નિવૃત્ત મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી ડૉ. અરૂણ આચાર્ય રિટાયરમેન્ટ પછી આરોગ્ય સેવા સાથે બાગાયતી ખેતી કરે છે.

ખીમાણાવાસ ગામે ફાર્મ ઉપર જ રહેતાં ડૉ. અરૂણ આચાર્ય સવારે વહેલાં ઉઠી પોતાના



ખેતરમાં વાવેલ ખારેકના રોપાઓની માવજતથી લઈ તેની સારસંભાળ પણ લે છે. આ વિસ્તારના લોકોને નજીકમાં જ સારી આરોગ્ય સારવાર મળી રહે તે માટે તેમણે નિવૃત્તિના થોડાંક જ દિવસો પછી વાવ-સૂઈગામ હાઈવે પર નાનકડી હોસ્પીટલ શરૂ દીધી. સવારે-૯.૦૦ વાગ્યે હોસ્પીટલ પહોંચી જઈ લોકોની સારવારમાં સતત કાર્યરત રહે છે. છેલ્લા ૪ મહિનાથી કોવિડ-૧૯ની પરિસ્થિતિમાં પણ આ નિત્યક્રમ જાળવી રાખી તેમણે આ વિસ્તારના લોકોની સારવાર કરી છે. બાગાયતી ખેતી કરતાં ડૉ. આચાર્યના ફાર્મની મુલાકાત લેવા જેવી છે. ઉડીને આંખે વળગે તેવી સરસ ચોખ્ખાઈ, પંખીઓનો કલરવ અને ઈઝરાયેલી ખારેકના છોડ ફાર્મની સુંદરતામાં વધારો કરે છે. એક મુલાકાતમાં ડૉ. અરૂણ આચાર્યએ જણાવ્યું કે, જયારે હું નોકરીમાં હતો તે સમયે મારા પિતાશ્રી સ્વ. હરજીભાઈએ વર્ષ-૨૦૧૦-૧૧માં ૫ એકર જમીનમાં ૨૬૦ રોપાઓ ઈઝરાયેલી બરહી જાતિના છોડ કચ્છના મુંદ્રાથી લાવી ખારેકનું વાવેતર કર્યુ હતું. એ સમયે એક છોડ રૂ. ૨૭૦૦ ની કિંમતમાં પડ્યો હતો. ખારેકની બાગાયતી ખેતી માટે એક રોપાદીઠ રાજય સરકારના બાગાયત ખાતા દ્વારા રૂ. ૧૨૫૦ લેખે સબસીડી મળી છે. ૮ ઠ ૯ મીટરના અંતરે ખારેકના એક છોડને રોપવામાં આવ્યો છે. આ તમામ રોપાઓના થડમાં છાણીયું ખાતર નાંખી સંપૂર્ણ ઓર્ગેનિક પધ્ધતિથી જ ખારેક પકવવામાં આવે છે. આ વિસ્તાર રણને અડીને આવેલો છે. આ વિસ્તારના પાણી થોડા મોળા છે એટલે કે ૧,૪૦૦ ટીડીએસવાળું પાણી બોરમાંથી આવે છે પરંતુ એ પાણી ખારેકની ખેતીને સારું માફક આવે છે. તેમણે કહ્યું કે, આ રણ વિસ્તારમાં પહેલાં તો ધૂળની ડમરીઓ જ ઉડતી હતી. હવે નર્મદાના નીર આવવાથી ખેડુતો ત્રણ ત્રણ પાક લેતા થયાં છે અને કૃષિ ક્ષેત્રે નવું પરિવર્તન આવ્યું છે. ડૉ. આચાર્યએ કહ્યું કે, ખારેક વાવ્યા પછી ચાર વર્ષે આવક શરૂ થાય છે. ખારેકના છોડની વચ્ચેની જગ્યામાં આંતર પાક તરીકે બાજરી, જુવાર, જીરૂ વગેરે પાકો વાવીએ છીએ. તેમણે કહ્યું કે શરૂઆતમાં સમયમાં માવજતના અભાવે ધાર્યુ ઉત્પાદન મેળવી શકાતું નહોતું પરંતુ હવે હું ફાર્મ પર જ રહેતો હોઈ તેની સારસંભાળ અને માવજત કરું છું. એક છોડ પરથી ૨૦૦ કિ. લો. ખારેક ઉતારો આપે છે. જે અમે બજારમાં હોલસેલના ભાવે રૂ. ૫૦માં વેચીએ છીએ તથા છુટક ૮૦ થી ૧૦૦ રૂપિયાના ભાવે આ ખારેક વેચાય છે. તેમણે કહ્યું કે ખારેકના વાવેતરથી માતવર આવક થાય છે. તેમણે આ વિસ્તારના ખેડુતોને ખારેકની ખેતી કરી સારી આવક મેળવવા અનુરોધ કર્યો છે.

ખારેક શરીર માટે ખુબ ફાયદાકારક છે

સ્વાદમાં ખુબ જ મીઠી આ ખારેક શરીર માટે પણ ખુબ જ ફાયદાકારક હોવાથી લોકો પુષ્ક ળ પ્રમાણમાં ખાય છે. ખારેકમાં રહેલા ઉચ્ચ પોષકતત્વોને લીધે શરીરમાં શક્તિનો વધારો કરે છે. ખારેકમાં વિટામીન એ, કે, બી૬ અને કેલ્શિયમ, આર્યન, મેગ્નેશિયમ, મેંગેનીઝ, પોટેશિયમ, સલ્ફર, કોપર, પ્રોટિન વગેરે જેવા મિનરલ્સ યોગ્ય પ્રમાણમાં હોય છે. ડૉ. આચાર્ય કહે છે કે, ખારેકની એન્ટીઓકિસડન્ટ હોવાથી હૃદયને સ્વસ્થ અને હાડકાંને મજબુત બનાવે છે, ખારેક ખાવાથી કબજીયાતથી રાહત મળે છે. આ ઉપરાંત એલર્જી સામે રક્ષણ, હરસમસામાં રાહત, સ્કીન, હેરફોલ સામે રક્ષણ સહિત મગજને પણ તંદુરસ્ત રાખે છે.

# સિદ્ધપુરનાં કલ્યાણાની સીમમાં વામૈયાનાં યુવકની લાશ મળતા ચકચાર

ધૃવ દવે સિદ્ધપુર

સિધ્ધપુર તાલુકાના કલ્યાણા ગામની સીમ માં વામૈયા ગામના દરબાર યુવાનની લાશ મળતાં પંથકમાં ચકચાર વ્યાપી જવા પામી છે.આ અંગે કાકોશી પોલીસ મથકે કલ્યાણા ગામનાં સરપંચે જાણ કરતા પીએસઆઈ સહિતનો કાફલો ઘટના સ્થળે ધસી આવ્યો હતો. આ અંગે સૂત્રોએ જણાવ્યુ હતુ કે કલ્યાણા ગામથી કોઈટાવડ(કોટાવડ) જવાના રસ્તે કલ્યાણા પંચાયતની સરકારી જમીનમાં એક યુવકની મૃત હાલતમાં લાશ પડી હોવાની માહીતી મળી હતી.માહિતીના આધારે કાકોશી પોલીસે ઘટના સ્થળે જઈ તપાસ કરતા મૃતક યુવકના માથાનાં પાછળનાં ભાગેથી લોહી વહી ગયુ હોવાની હાલત માં આ લાશ ઘટનાસ્થળે પડી હોવાનુ પ્રાથમિક તપાસમાં જણાઈ આવ્યુ હતુ.કાકોશી પોલીસે આ યુવકની લાશનુ



ઘટનાસ્થળે પંચનામુ કરી લાશને પીએમ અર્થે સિદ્ધપુર સિવિલ હોસ્પિટલ ખાતે મોકલી આપી હતી.જ્યાં બે ડોક્ટરોની પેનલ દ્ધારા લાશનુ પીએમ કરવામાં આવ્યુ હોવાનુ પોલીસે જણાવ્યુ હતુ.સૂત્રોનાં જણાવ્યાનુસાર મૃતકનુ નામ મેંવુજી જોરાજી દરબાર,ઉ.વ.આશરે ૩૫ રહે.વામૈયાવાળા હોવાનુ જાણવા મળેલ છે.આ યુવકનાં અપમૃત્યુ વિશે લોકોમાં તરેહ-તરેહ ની ચર્ચાએ જોર પકડ્યુ છે.આ યુવકનુ કઈ હાલતમાં મોત નિપજ્યુ હશે તે દિશામાં પોલીસ તપાસ કરી રહી છે. શું આ યુવકનુ મર્ડર કરી લાશને અહી ફેંકી દેવાઈ હશે..? જેવા અનેક વણઉકેલાયા પ્રશ્નોનાં જવાબ પીએમ રિપોર્ટ અને તટસ્થ પોલીસતપાસ બાદ જ બહાર આવી શકશે.આ અંગે કાકોશી પોલીસ મથકે એ.ડી.નોંધાઈ છે.જેની આગળની તપાસ કાકોશી પોસઈ એન.ડી.પરમાર ચલાવી રહ્યા છે.રિપોર્ટબાય હર્ષલ ઠાકર સિદ્ધપુર ૮૧૬૦૮૧૨૦૮૬

# કેશોદના સેવાભાવી યુવાનને ૧૦૮ હેડ ઓફિસ દ્વારા પ્રમાણપત્ર આપી બિરદાવ્યા

કેશોદ (રાજુભાઈ પંડ્યા)

ગુજરાત સરકાર અને જિલ્લા આરોગ્ય વહીવટી તંત્રના નેજા હેઠળ ચાલી રહેલી ૧૦૮ ઈમરજન્સી સર્વિસ માનવ સેવા એજ પ્રભુ સેવા લોકોને ખૂબ જ અત્યંત મદદરૂપ થઇ રહી છે જૂનાગઢ કેશોદ તાલુકાના અસંખ્ય ગામડાઓમાં રોડ ટ્રાફિક અકસ્માત કે પછી સગર્ભા મહિલાઓને ડીલેવરીનો દુખાવો હોય અન્ય કોઈ પણ બીમારી હોય ત્યારે કેશોદ તાલુકાના ગામડાઓમાં સૌથી વધુ મદદરૂપ થઇ ૧૦૮માં કોલ કરી લોકોને મદદરૂપ દિલીપભાઈ દયાતર ઉર્ફે ડીડી જે ફળદુ હોસ્પિટલમા છેલ્લા ઘણા સમયથી




કામ કરે છે GVK EMRI 108 હેડ ઓફિસ અમદાવાદ દ્વારા પ્રમાણપત્ર એનાયત કરવામાં આવેલછે જે પ્રમાણપત્ર કેશોદના ધારાસભ્ય શ્રીદેવાભાઈ માલમના વરદ હસ્તે ૧૦૮ ટીમની ઉપસ્થિતિમાં પ્રમાણપત્ર એનાયત કરવામાં આવેલ છે

અત્રે ઉલ્લેખનીય છે કે કેશોદ તાલુકામાં જરૂરીયાતમંદ દર્દીઓને સારવાર અપાવવામાં અનહદ સેવા સાથે અનેક સેવાકીય પ્રવૃત્તિથી કેશોદ તાલુકા ભરમાં સેવાભાવી તરીકે આગવું નામ ધરાવતા દિલીપ દયાતરની કામગીરી બાબતે લોકો બિરદાવી રહયાછે જે બદલ કેશોદ પ્રેસ કલબનાં તમામ હોદેદારો દ્વારા દિલીપ દયાતરને સેવાકીય પ્રવૃત્તિ બદલ શુભેચ્છા પાઠવી છે.

## હારીજ ન.પા.અધ્યક્ષ દ્વારા
# શહેરના અનેક વિસ્તારોમાં ઉભરાતી ભૂગર્ભ ગટર સમસ્યા મુદ્દે સી.ઓ.ને કરી રજુઆંત

કોરોના ના કહેર વચ્ચે હારીજ શહેરના અનેક વિસ્તરોમાં રોજબરોજ ભૂગર્ભ ગટરો ઉભરાવવા નો સિલસિલો યથાવત બન્યો છે...જેને લઈ હારીજ નગરપાલિકા દ્વારા ભૂગર્ભ ગટરના સફાઈ ટેન્ડર પ્રક્રિયાથી આપવામાં આવે છે પરંતુ છેલ્લા ઘણા સમયથી ભૂગર્ભ ગટરની કામગીરી સંતોષકારક થતી નથી તથા કોન્ટ્રકટર દ્વારા ગટર સફાઈ માં બેદરકારી દાખવવામાં આવી રહી છે ..તેવા સમયે હારીજ શહેરના અનેક વિસ્તારો ઈન્દીરાનગર, ખેમાસર, ધુનિયા, મંગળદાસ માર્કેટ ની પાછળના ભાગમાં તેમજ મેઈન બજાર વિસ્તરમાં પણ ભૂગર્ભ ગટરો ઉભરાવાથી ગંદકી નું સામ્રાજ્ય જોવા મળી રહ્યું છે તયારે સ્થાનિક લોકો દ્વારા અનેક વાર તંત્ર ને રજુઆત કરવામાં આવી છે છતાંજવાબદર તંત્ર દ્વારા કોઈ કાર્યવાહી હાથ ધરવામાં આવી નથી . જેને પગલે લોકો દ્વારા ચૂંટાયેલ પદાધિકારીઓ ને લોકો ના રોષ નો ભોગ બનવાનો સમય આવે છે...તેમજ લોકો ની લેખિત તથા મૌખિક રાજુઆતો ને પગલે હારીજ નગર પાલિકા ના જાગૃત અધ્યક્ષ ભાવનાબેન મોબુજી ઠાકોર દ્વારા નગર પાલિકા ચીફ ઓફિસર ને ગટર તેમજ વરસાદી પાણી નિકાલ મુદ્દે લેખિત માં રજુઆત કરવામાં આવી છે. હાલ ના સમયમાં કોરોનાની મહામારી ચાલી રહી છે તેવા સમયમાં લોકોને ગંદકીનો પારાવાર સામનો કરવો પડી રહ્યો છે લોકોના સ્વસ્થ્ય સામે ચેડા થઈ રહ્યો છે તો સત્વરે ટૂંક સમયમાં ભૂગર્ભ ગટરની સફાઈ નું કામ કરતા કોન્ટ્રકટર ને તાકીદે નોટિસ ફટકારી તાત્કાલિક ધોરણે ભૂગર્ભ ગટરના ઉભરાતા પાણી ની સમસ્યાનો ઉકેલ આવે તેવી માંગ કરાઈ હતી....અહેવાલ નિખિલ જોષી ચાણસ્મા

# અરવલ્લી જીલ્લાના મોડાસા તાલુકામાં ૧૮૯ ગ્રામ રક્ષક દળ જવાનોની ભરતી કેમ્પની પ્રક્રિયામાં યુવાનો ઉમટ્યા



મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો

ગુજરાત સરકાર દ્વારા રોજગારી પ્રાપ્ત થાય તે હેતુસર ગુજરાતમાં દરેક જિલ્લામાં ગ્રામ રક્ષક દળ ની ભરતી કેમ્પ યોજાઈ રહ્યા છે .જેમાં અરવલ્લી ના મોડાસા માં ચાર દિવસીય જી.આર. ડી.ની ભરતી પ્રક્રિયામાં ૫૦૦ થી વધુ ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી હતી જેમાં પ્રથમ દિવસ થી ભરતી પ્રક્રિયામાં ઉમેદવાર ની શારીરિક તેમજ મૌખિક પરીક્ષા દ્વારા પસંદગી કરવામાં આવી રહી છે . મોડાસા તાલુકા માં ૧૮૯ ઉમેદવારોની ભરતી કેમ્પમાં ઉમેદવારો હાજર રહ્યા હતા.અને ચાર દિવસ ચાલનારા ભરતી કેમ્પ માં પ્ઇઢ પી.આઈ.પી.જે.પટેલ દ્વારા શારીરિક તેમજ મૌખિક પરીક્ષા લઇ ને પસંદગી કરવામાં આવી રહી છે. ગ્રામરક્ષક દળ ના જવાનોનું મુખ્ય કાર્ય ગામની પ્રાથમિક ધોરણે રક્ષા કરવી .જેમાં ગામની બનતી કુદરતી આફતો સામે લોકોને રક્ષણ આપવું. ગામ માં અનિચ્છિય ઘટનામાં પોલીસને પ્રાથમિક ધોરણે તાત્કાલિક જાણ કરવી અને પોલીસ ઘટનાસ્થળે પહોંચી નહિ ત્યાં સુધી પૂરતો બંદોબસ્ત કરવો અને ચાંપતી નજર રાખવી..સાથે ગામની અને દેશની નુકશાન થતું અટકાવવું ..ભરતી પ્રક્રિયા માં કોરોના વાઈરસ ને લઈને ઉમેદવારોને સોશ્યલ ડિસ્ટન્સ.માસ્ક.તેમજ સેને ટાઇઝર નો સરકારની ગાઈડ લાઈન મુજબ વ્યવસ્થા કરી ભરતી પ્રક્રિયા હાથ ધરવામાં આવી રહી છે.

# દિયોદર તાલુકા માં રાટીલા ગામ સી સી ટીવી કેમેરા અને સ્ટેટ લાઈટ થી સજ્જ બન્યું




બનાસકાંઠા બ્યુરો ગૌરવ પુરોહિત

બનાસકાંઠા જિલ્લા ના સરહદી વિસ્તાર એવા દિયોદર તાલુકા ના રાટીલા ગામ ૬૧૦૦ થી વધુ વસ્તી ધરાવતું ગામ છે અને આ ગામ માં મોટાભાગ ના ખેડૂતો વસવાટ કરે છે અને તમામ ખેડૂતો પશુપાલન પર નિર્ભર છે અહીં ગ્રામ પંચાયત કચેરી માં સરપંચ તરીકે રાણીબેન જેઠાભાઇ વાઘેલા ફરજ બજાવે છે આ ગામ વિકાસીલ ગામ તરીકે પ્રખ્યાત બન્યું છે જેમાં રાટીલા ગ્રામ પંચાયત ના સરપંચ દ્વારા કોઈ પણ રાજકીય ભેદભાવ રાખ્યા વગર ગ્રામ પંચાયત દ્વારા ગામ ના વિકાસ માટે સુંદર આયોજન કરવામાં આવી રહું છે જેમાં આ નાનકડા ગામ માં ગ્રામ પંચાયત દ્વારા સમગ્ર ગામ માં ૮ જેટલા સી સી ટીવી કેમેરા લગાવવામાં આવ્યા છે જેથી તેને સંચાલન સિદ્ધુ ગ્રામ પંચાયત થી થઈ રહું છે ગામ માં રાત્રી ના સમય બહેન મહિલા ઓ સુરક્ષિત નીકળી શકે તે માટે સ્ટેટ લાઈટ પણ નાખવામાં આવી છે એક દિયોદર તાલુકા નું આ રાટીલા ગામ રોશની થી ઝગમગી ઉઠ્યું છે સાંજે અને સવારે ખેતર માંથી દૂધ ભરાવવા આવતા ખેડૂતો ભાઈ બહેન પણ બિન્દાસ થી આવે છે ગામ માં રાત્રી ના સમય કોઈ બનાવ ના બને તે માટે સીસી ટીવી કેમેરા થી બાર નજર પણ રાખવામાં આવી રહી છે આ બાબતે ગ્રામ પંચાયત ના સરપંચ નું કહેવું છે કે વિકાસસીલ ગામ બનાવવાનો અમારો હેતુ છે ગામ માં સાંજ પડે એટલે અંધારું થઈ જતું હતું જેથી મોડી સાંજે ખેતર માંથી દૂધ ભરાવવા આવતા લોકો ને મુશ્કેલી વેઠવી પડતી હતી હવે તે દૂર થઈ છે અહીં સ્ટેટ લાઈટ અને સી સી ટીવી કેમેરા પણ લગાવવામાં આવ્યા છે અને જિલ્લા વિકાસ અધિકારી એ પણ આ ગામ ની મુલાકાત લઈ પ્રશંસા કરી છે

સ્મસાન ભૂમિ માં શંકર ભગવાન નું મંદિર અને સુંદર બગીચો પણ બનાવ્યો છે

રાટીલા ગામ માં સી સી ટીવી કેમેરા સાથે સ્ટેટ લાઈટ નાખવાની સાથે સ્મસાન ભૂમિ માં એક શંકર ભગવાન નું મંદિર અને સુંદર બગીચો પણ બનાવવામાં આવ્યો છે અને પક્ષી ઘર પણ બનાવવામાં આવ્યું છે અહીં ખેડૂતો શંકર ભગવાન માં મંદિર ખાતે દર્શન અર્થ આવે છે અને બગીચા માં બેસવાનો લાભ પણ લે છે અને અહીં પક્ષી ઓ પણ ચણવા આવે છે

# રાજકોટમાં ખળભળાટ! PSI જેબલિયા સહિત ૩ પોલીસકર્મીને સસ્પેન્ડ કરાયા



રાજકોટ શહેર પોલીસ કમિશનર દ્વારા પી.એસ.આઈ જેબલિયા તેમજ કોન્સ્ટેબલ પ્રશાંત રાઠોડ અને પ્રતાપ કરપડાને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. ગત અઠવાડિયે આ તમામ વિરુદ્ધ અપહરણ જાનથી મારી નાખવાની ધમકી તેમજ કાવતરુ રચવાની કલમો હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છ.એસઆઇ જેબલિયા સહિત ત્રણ પોલીસકર્મી વિરુદ્ધ ગુનો નોંધાતા તમામ સિક લીવ પર ઉતરી ગયા છે. ત્યારે આ ગુનાની તપાસ રાજકોટ શહેરના યુનિવર્સિટી પોલીસ મથકના પોલીસ ઈન્સ્પેક્ટર રાકેશ ઠાકર તેમજ તેમની ટીમ દ્વારા કરવામાં આવી રહી છે, જેનું સુપરવિઝન એસીપી કક્ષાના અધિકારી પ્રમોદ દિયોરા કરી રહ્યા છે.

હાલ પોલીસ દ્વારા ત્રણેય આરોપીઓના ફોન કોલ્સની ડિટેઈલ્સ મેળવીને તેમના લોકેશનની ડિટેલ્સ મેળવીને ત્રણેય ના ઘરે તપાસ કરતા તેઓ મળી આવ્યા નહોતા.

## સુરત ખાતે ના અડાજણ સ્ટાર બજાર ખાતે “પરસ્પર માનવતા મહેંકી
# સુરત ના સેવાભાવી મહિલા ઉર્વશી નીરવભાઈ પટેલે આયુર્વેદિક ઉકાળાનું સેવન કરાવ્યુ

સુરત ખાતે ના અડાજણ સ્ટાર બજાર ખાતે '' પરસ્પર માનવતા મહેંકી.. સુરત ના સેવાભાવી મહિલા ઉર્વશી નીરવભાઈ પટેલે કોરોના ની મહામારી માં આયુર્વેદિક ઉકાળા બનાવી અનેક લોકો ને ઉકાળા નું સેવન કરાવ્યુ. ઉર્વશી બહેન ભારતીય જનતા પાર્ટી સુરત મહાનગર ના મહિલા મોરચા ના મહામંત્રી પણ છે લોકડાઉન થી લઈ ને અત્યાર સુધી અનેક સેવાઓ કરી.

લોકોને ફુડપેકેટ હોય કે કીટ જરૂરિયાત હોય ત્યાં પહોંચાડી છે. આજે પણ તેઓ ઉકાળા બનાવી લોકો સુધી પહોંચાડવાનું કામ કરી રહ્યા છે. તેઓ માત્ર કોરોના માં જ નહીં પરંતુ સામાન્ય દિવસો માં પણ સગીર વય ની ગરીબ દિકરીઓ માટે પણ પસ્તી દાન થી પેડદાન''કાર્ય કર્યુ છે તેમાં નાની વય ની બાળકી ઓને પેડ વિતરણ કરવાનું પણ કાર્ય કર્યુ છે. તેઓ માને છે કે આપણે સમાજ ને જેટલું આપી શકીએ તેટલું તો આપીએ. સેવા કરીને આનંદ આવે છે તેવું તે જણાવી રહ્યા હતાં. લોક હિત ના કાર્યો માં જોડાવું તે તેમનું નાનપણ થી જ સ્વપ્ન હતું તે આજે સાર્થક થઈ રહ્યુંછે.તેઓ મહિલાઓ માટે પણ હંમેશા મદદ માટે તૈયાર રહે છે.

ક્યારેય પણ કોઈ નો તકલીફ નો ફોન જાય તેઓ તરતજ જવાબ આપે છે. સરકારી શાળાઓમાં તેઓ સેમિનાર આપી બાળકીઓને સામાજિક શિક્ષણ તેમજ આવતી સમસ્યાઓને કેમ નિવારવી તેના વિશે બાળકોને સમજાવે છે. આજકાલ બળાત્કાર તેમજ તસ્કરી ના બનાવો માં વધારો થઈ રહ્યો હોવાથી બાળકો ને તેના વિશે સમજણ આપવાનું કામ કરી રહ્યા છે તેમજ દિકરીઓને ગુડ ટચ બેડ ટચ વિશે સમજાવી રહ્યા છે.

પોતાના કાર્યો માંથી જે સમય વધે તે સમય હંમેશા સેવાઓમાં આપીને ને સમય નું બહુ મૂલ્ય સમજી ને લોકો ને પણ સમજાવે છે. કોરોના માં સતત સેવા કરી એક માનવ ધર્મ નિભાવવાની પૂરતો પ્રયાસ કરનાર ઉર્વશી બેન તથા તેના સહયોગીઓ ધન્યતા પાત્ર છે. સમાજ ને એવા લોકો ની જરૂર આજે પણ છે કાલે પણ હતી અને આગળ રહેશે.(શોભાના કાકડિયા.સુરત)

# અરવલ્લીના ૧૯૭૯૬ લોકો હોમ કોરોન્ટાઈન પૂર્ણ કરી કોરોનાથી બચવા કટીબધ્ધ બન્યા

અરવલ્લી જિલ્લામાં કોરોનાનો વ્યાપ શહેર અને ગ્રામ્ય વિસ્તારમાં જોવા મળતા ૨૭૦થી વધુ કેસ નોંધાયા છે. જેને લઇ જિલ્લા વહિવટીતંત્ર દ્વારા કન્ટેન્ટમેન્ટ ઝોન જાહેર કરવામાં આવ્યા છે. તેની સાથે કોરોનાના દર્દીઓના સંપર્કમાં આવેલા હોય તેવા તેમજ બહારથી આવેલા લોકોને હોમ કોરોન્ટાઇન કરવામાં આવે છે જિલ્લાના આવા ૧૯૭૯૬ પ્રવાસીઓ હોમ કોરોન્ટાઇન સમય પૂર્ણ કરી કોરોનાથી બચવા કટીબધ્ધ બન્યા છે. કોરોના વાયરસ COVID-19 ઝડપી સંક્રમણને ધ્યાને લેતાં તકેદારીના ભાગરૂપે વહિવટીતંત્ર દ્વારા કન્ટેન્ટમેન્ટ ઝોન જાહેર કરી આ વિસ્તારોમાં ૨૮ દિવસ સુધી આરોગ્ય વિભાગ દ્વારા લોકોના ડોર ટુ ડોર સર્વે હાથ ધરવામાં આવ્યો છે અને તેમાંથી શંકાસ્પદ દર્દીઓને અલગ તારવ્યા તેની સાથે કોરોનાના દર્દીઓના સંપર્કમાં આવ્યા હોય તેવા લોકોને હોમ કોરોન્ટાઇન કરવાની કામગીરી હાથ ધરવામાં આવી. આરોગ્ય વિભાગની માર્ગદર્શિકા મુજબ અન્ય દેશ-રાજય કે જિલ્લામાંથી પ્રવાસ કરીને આવેલા હોય તેવા લોકોને ફરજીયાત હોમ કોરોન્ટાઇન રહેવુ જેથી કરીને કોરોનાનું સંક્રમણને અટકાવી શકાય જેને અરવલ્લીના ૧૯૭૯૬ અનુસરણ કરીને ૧૪ દિવસનો હોમ કોરોન્ટાઇન સમય પૂર્ણ કરી કોરોનાથી બચવા કટીબધ્ધ બન્યા છે. જેમાં બાયડ તાલુકાના ૨૫૫૭, ભિલોડાના ૪૮૮૯,ધનસુરાના ૨૧૬૩, મેઘરજના ૨૫૧૪, માલપુરના ૨૧૭૯ અને મોડાસાના ૫૨૯૪ મળી કુલ ૧૯૭૯૬ લોકોને હોમ કોરોન્ટાઇનમાંથી મુક્તિ આપવામાં આવી છે.




અષાઢ વદ એકાદશી પુનિત મહારાજ પુણ્યતિથિ તેમના ચરણ મા વંદન.....

# દાહોદ નગરમાં વધુ બે રેસ્ટોરન્ટને સીલ કરાઈ

અભેસિંહ રાવલ દાહોદ

દાહોદ, તા. ૧૫ : દાહોદ નગરમાં સામાજિક અંતરનું ઉલ્લંઘન કરતા વેપારીઓ સામે નગરપાલિકા અને પોલીસની કાર્યવાહી આજ સતત બીજા દિવસે પણ જારી રહી છે. કલેક્ટરશ્રી દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવેલા જાહેરનામાનો ભંગ કરતી જણાયેલી બે રેસ્ટોરન્ટને નગરપાલિકાએ તાળા મરાવી દીધા છે.




દાહોદમાં અનલોક-૨માં મળેલી છૂટછાટ બાદ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા એક જાહેરનામુ પ્રસિદ્ધ કરી વેપારીઓને શરતોને આધીન વાણિજયક પ્રવૃત્તિઓ કરવાની મંજૂરી અપાઇ છે. ખાસ કરીને ઉપાહાર આપતા નાસ્તાગૃહોને માત્ર ડિલિવરી (પાર્સલ) સેવાઓ થકી જ શરૂ કરવાની મંજૂરી આપવામાં આવી છે. આમ છતાં, નગરમાં કેટલીક રેસ્ટોરન્ટ ગ્રાહકોની ભીડ કરીને નાસ્તો આપતી હોવાની ફરિયાદો મળતા કલેક્ટરશ્રી વિજય ખરાડીએ આ બાબતે કાર્યવાહી કરવાની દાહોદ નગરપાલિકાને સૂચના આપી હતી. તેના પગલે નગરપાલિકા અને પોલીસની સંયુક્ત ટીમો દ્વારા આજ બીજા દિવસે પણ ચેકિંગની કાર્યવાહી કરવામાં આવી હતી. જેમાં માણેક ચોક સ્થિત યાદગાર હોટેલ અને ગોદી રોડ ઉપર આવેલી ગણેશ રેસ્ટોરન્ટ દ્વારા નિયમોનો ભંગ થતો હોવાનું જણાતા બન્ને રેસ્ટોરન્ટને સીલ મારી દેવામાં આવ્યા હોવાનું મુખ્ય અધિકારી શ્રી અતુલ સિંહાએ જણાવ્યું હતું.

# ડૉ. જયનારાયણ વ્યાસની પૌત્રીને CBSEના બારમા ધોરણની પરીક્ષામા ૯૦ ટકા માર્ક્સ

(જય આચાર્ય દ્વારા)



સિધ્ધપુર તા.૧૫

ડૉ. જયનારાયણ વ્યાસની પૌત્રી અને સાકેતભાઈ વ્યાસ તેમજ રૂપલબેનની દીકરી વિહાંગીએ CBSE દ્વારા ચાલુ સાલે લેવાયેલ બારમા ધોરણની સામાન્ય પ્રવાહની પરીક્ષા ૯૦ ટકા માર્ક્સ સાથે પસાર કરી છે. તેમણે સાયકોલોજીમાં ૧૦૦થી ૧૦૦ માર્ક્સ મેળવ્યા છે. આ પહેલા રાષ્ટ્રીય એન્ટ્રન્સ ટેસ્ટ પાસ કરીને તેમણે યુનાઈટેડ વર્લ્ડ ઈન્સ્ટિટયૂટ ઓફ ડિઝાઈનમાં ગ્રેજ્યુએટ અભ્યાસક્રમ માટે પ્રવેશ મેળવી લીધો છે. બેન વિહાંગીએ ગુજરાત સરકાર દ્વારા લેવાતી ઈન્ટરમીડીયેટ ડ્રોઈંગ એક્ઝામિનેશન પણ ૭૯ ટકા માર્કસ મેળવીને પસાર કરી છે. ડ્રોઈંગમાં ઊંડી રુચિ ધરાવતી વિહાંગી ઈન્ટિરિયર ડિઝાઇન વિષયમાં વિશ્વ કક્ષાની નિષ્ણાત બનવા માગે છે. હવે પછીની ઉજ્જવળ કારકિર્દી માટે એને શુભકામનાઓ.

# અરવલ્લી એસપી મયુર પાટીલે વધુ એકવાર બદલીનો ગંજીફો ચીપ્યો : ૩ પી.આઈ અને ૨ પીએસઆઈની જીલ્લામાં આંતરિક બદલી

મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો

અરવલ્લી

જીલ્લા પોલીસવડા મયુર પાટીલે ચાર્જ સંભાળતા ની સાથે જીલ્લાના વિવિધ શહેરી અને ગ્રામ્યવિસ્તારના પોલિસ અધિકારીઓ અને કર્મચારીઓ બદલીનો ગંજીપો છિપાવાનું ચાલુ કર્યુ છે હજુ પણ યથાવત રહ્યું છે વધુ એકવાર જીલ્લાના વિવિધ પોલીસ સ્ટેશનમાં અને વિવિધ શાખાઓમાં ફરજ બજાવતા ૩ પી.આઈ અને ૨ પીએસઆઈ ની સાગમેટે બદલી કરતા જીલ્લા પોલીસતંત્રમાં વધુ એકવાર મોટો ઉલટફેર જોવા મળ્યો હતો જીલ્લા પોલીસવડાએ છિપેલા બદલીના ગંજીપા થી “કહી ખુશી કહી ગમ” જેવો માહોલ પોલીસબેડામાં જોવા મળ્યો હતો હતો છેલ્લા કેટલાય સમય થી એ.એસ.આઈ ના ચાર્જમાં જીલ્લા ટ્રાફિક પોલીસ સ્ટેશનમાં પીઆઈ ની નિમણુંક થતા જીલ્લામાં કથળેલી ટ્રાફિક નિયમનન સ્થિતિમાં સુધારો આવશે તેવો આશાવાદ વાહનચાલક અને લોકો સેવી રહ્યા છે

મંગળવારે જીલ્લા એસપી મયુર પાટીલે ત્રણ પીઆઇ અને બે પીએસઆઈની આંતરિક બદલી કરવામાં આવી હતી જેમા ૧) એલસીબી પીઆઇ મનીષ વસાવાની જીલ્લા ટ્રાફિક પીઆઈ અને સીપીઆઈ મોડાસાનો વધારાનો ચાર્જ,૨)પીઆઈ આર.કે.પરમાર ને લીવ રિઝર્વમાંથી જીલ્લા એલસીબી,૩)મોડાસા મહિલા પોલીસ સ્ટેશનના પી.આઈ એફ.એલ.રાઠોડને સીપીઆઈ મોડાસાના ચાર્જમાથી હટાવી આંબલીયારા પોલીસ સ્ટેશનનો વધારાનો ચાર્જ સોંપવા આવ્યો છે

૨ પીએસઆઈ ની પણ અરસ-પરસ બદલી કરવામાં આવી છે ૧)આંબલીયારા પોલીસ સ્ટેશનના પીએસઆઈ એ.આર.પટેલ જીલ્લા એલ.આઈ.બી શાખામાં અને ૨) એસ.ઓ.જી પીએસઆઈ એ.એમ.દેસાઈ ની બદલી શામળાજી પોલીસ સ્ટેશનમાં કરવામાં આવી છે પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓ પણ સતત પોલીસવડા દ્વારા થઈ રહેલી બદલીઓનું ગણિત સમજવામાં થાપ ખાઈ રહ્યા હોય તેવો અહેસાસ અનુભવી રહ્યા છે.મંગળવારે જીલ્લા પોલીસવડા મયુર પાટીલે ૩ પીઆઈની અને બે પીએસઆઈ ની તાત્કાલિક અસરથી જાહેરહિતમાં બદલી કરતાં પોલીસતંત્રમાં ફરજબજાવતા અધિકારીઓ અને કર્મચારીઓમાં ભારે કચવાટ જોવા મળી રહ્યો છે સતત પોલીસબેડામાં થઇ રહેલી પોલીસ અધિકારીઓ અને પોલીસ કર્મચારીઓની બદલીના આદેશ થતાં પોલીસકર્મીઓને પરિવારજનો પણ વિમાસણમાં મુકાઈ રહ્યા છે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.

CYMK